અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

01 MARCH-2026 SUNDAY | Vol. : 17 | Issue : 238 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

'ભીખ માગતી વખતે શરમથી માથું ઝૂકી જાય છે':PM શાહબાઝે પાકિસ્તાનની પોલ ખોલી, કહ્યું- લોન અમારા આત્મસન્માન પર બહુ મોટો બોજ, કોમ્પ્રોમાઇઝ કરવું પડે છે

4

ભારત અને ઈયુ વચ્ચેનાં કરારથી આમ જનતાને શું ફાયદો થશે?? એ પ્રશ્ન વિચારવાં જેવો ખરો!

6

લગ્ન બાદ પતિ વિજયના બાહુપાશમાં રશ્મિકા વીંટળાઇ!

7

આ અઠવાડિયે સોના-ચાંદીમાં વધારો રહ્યો : સોનું ₹4,000 વધીને ₹1.59 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, ચાંદી ₹17,000 મોંઘી થઈ

# ગુજરાતમાં ઈતિહાસ રચાયો, સાણંદમાં મોદીએ દેશની પહેલી ચિપ લોન્ચ કરી : PMએ કહ્યું- 'ઇન્ડિયા ઇઝ કેપેબલ

**સાણંદ, તા.28**

ગુજરાત હવે સેમિકન્ડક્ટરનું હબ બનવા આગળ વધ્યું છે. સાણંદ સ્થિત માઈક્રોન સેમિકન્ડક્ટરની ATMP (એસેમ્બ્લી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) ફેસેલિટીનું PM મોદીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો અને દેશની પહેલી ચિપ લોન્ચ કરી હતી. PMએ કહ્યું કે, દુનિયાને સંદેશ પહોંચી ચૂક્યો છે, ઈન્ડિયા ઈઝ કેપેબલ, ઈન્ડિયા ઈઝ કોમ્પીટીટીવ, ઈન્ડિયા ઈઝ કમિટેડ. વધુમાં જણાવ્યું હતું કે, માઈક્રોનની આ ફેસેલિટી આજનો આ કાર્યક્રમ ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સહયોગ અને ભાગીદારીનું પ્રમાણ છે. ખાસ કરીને AI અને ચિપ જેવી ટેક્નોલોજીમાં ભારત અને અમેરિકાની ભાગીદારી બહુ મહત્વપૂર્ણ છે. માઈક્રોનની આ ફેસેલિટી ભારતના નવા મિજાજનું શાનદાર ઉદાહરણ છે. આજનું ભારત પોલિસીથી લઈ પ્રોડકશન સુધી કયા એપ્રોચ સાથે આગળ વધી રહ્યું છે તે અહીં દેખાઈ રહ્યું છે. માઈક્રોનની ATMP ફેસેલિટીના ઉદ્ઘાટન સમયે વડાપ્રધાને રતન ટાટાને પણ યાદ કર્યા હતા અને કહ્યું હતું કે, મેં એક રૂપિયાનો મેસેજ કર્યો હતો. એક રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટથી ગુજ્જુ શું કરી શકે છે તે જોઈ લો.

**માઈક્રોનની આ ફેસેલિટી ભારતના નવા મિજાજનું શાનદાર ઉદાહરણ- PM**

10-11 વર્ષ પહેલા ભારતમાં ડેટા અને ચિપની ચર્ચા બહુ નાના સર્કલમાં થતી હતી. ટેક્નોલોજીની વાત આવતી હતી ત્યારે હંમેશા આપણી ચર્ચા IT સર્વિસ આસપાસ રહેતી હતી. આજે જુઓ સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પણ પોતાની ઓળખને સફળ કરી રહ્યું છે. આજે સાણંદમાં અમે નવા ભવિષ્યનો ઉદય જોઈ રહ્યા છીએ. માઈક્રોનની ATMP ફેસેલિટીમાં કોમર્શિયલ પ્રોડકશનની શરૂઆત. ગ્લોબલ ટેક્નોલોજી ચેઈનમાં ભારતની ભૂમિકાને મજબૂત કરવાની છે. આજે ભારત બહુ ઝડપથી ગ્લોબલ સેમિકન્ડકટર વેલ્યૂ ચેઈનનો હિસ્સો બની રહ્યો છે. માઈક્રોનની આ ફેસેલિટી ભારતના નવા મિજાજનું શાનદાર ઉદાહરણ છે. આજનું ભારત પોલિસીથી લઈ પ્રોડકશન સુધી કયા એપ્રોચ સાથે આગળ વધે છે તે અહીં દેખાય છે.



**AI અને ચિપ ટેક્નોલોજીમાં ભારત-અમેરિકાની ભાગીદારી મહત્વપૂર્ણ- PM**

માઈક્રોનની આ ફેસેલિટી આજનો આ કાર્યક્રમ ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સહયોગ અને ભાગીદારીનું પ્રમાણ છે. ખાસ કરીને AI અને ચિપ જેવી ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારત અને અમેરિકાની ભાગીદારી બહુ મહત્વપૂર્ણ છે. આજે આખી દુનિયા માનવતાના સારા ભવિષ્ય સાથે જોડાયેલી આ બંને ટેક્નોલોજીની સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવાવ માગે છે. દુનિયાની બે મોટ લોકશાહી આના માટે નિરંતર પ્રયાસ કરી રહ્યા છે. અમારા સંયુક્ત પ્રયાસ ક્રિટિકલ મિનરલ્સની ગ્લોબલ સપ્લાય ચેઈનને અધિક સુરક્ષિતઅને વિશ્વસનીય બનાવશે.

સર્જિયો ગોરને કહ્યું- 'તમે અમારી મહેમાન નવાજીનો ભરપૂર આનંદ લેશો'

સાણંદમાં આયોજીત કાર્યક્રમમાં ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર પણ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ સંબોધન દરમિયાન કહ્યું કે, ભારતમાં નિયુક્તિ બાદ એમ્બેસેડર ગોર પહેલીવાર ગુજરાત આવ્યા છે. વિધિવત એમ્બેસેડર બન્યા બાદ મારી પહેલી મુલાકાત મારી કર્મભૂમિમાં થઈ રહી છે. મને વિશ્વાસછે કે, તમે અમારી મહેમાન નવાજીનો ભરપૂર આનંદ લેશો.

**'પાછલી સદીમાં ઓઈલનું 'રાજ' હતું, આ સદીમાં માઈક્રો ચિપનું થશે'**

PMએ સંબોધન દરમિયાન વધુમાં જણાવ્યું હતું કે,20મી સદી સુધી દુનિયાએ ઈન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશનનો દોર જોયો. એ સમયે દેશ ફેક્ટરી,મશીન અને માસ પ્રોડકશનમાં આગળ હતા તેને તેજીથી પ્રગતિ કરી.પરંતુ, આ તમામ AI રિવોલ્યુશનની શતાબ્દીમાં સેમિકન્ડકટર આ બદલાવમાં મોટો બ્રિજ છે.

# ઈરાન પર અમેરિકા-ઈઝરાયલનો હુમલો : સ્કૂલ પર મિસાઇલ પડતા 40 વિદ્યાર્થિનીનાં મોત

**બંગાળ, તા.28**

શનિવારે સવારે ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર હવાઈ હુમલા કર્યા હતા. IRNA ન્યૂઝ એજન્સી અનુસાર દક્ષિણ ઈરાનમાં થયેલા હુમલાઓમાં 40 વિદ્યાર્થિનીઓનાં મોત થયા હતા અને 45 ઘાયલ છે. ઈરાને પોતાના પર થયેલા હુમલાઓનો વળતો પ્રહાર શરૂ કરી દીધો છે. ઈરાને કતાર, બહેરીન અને કુવૈત જેવા સાત દેશો પર હુમલો કર્યો છે. ઈરાન આ દેશોમાં અમેરિકાના બેઝને નિશાન બનાવી રહ્યું છે. હુમલાઓની તસવીરો ડરાવી દે તેવી છે. તેજ ધડાકા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. રાહદારીઓએ આ હુમલાઓના વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર જાહેર કર્યા છે. ઈરાને જે દેશોને નિશાન બનાવ્યા છે તેમાં કતાર, બહેરીન, કુવૈત, સાઉદી, જોર્ડન અને અબુ ધાબીનો સમાવેશ થાય છે. હુમલાના વીડિયો ખૂબ જ ભયાવહ છે. તેમાં આગના ગોળા અને ધુમાડાને સ્પષ્ટ જોઈ શકાય છે.

**અમેરિકા અને ઈઝરાયલનું સંયુક્ત સૈન્ય અભિયાન**

ઈઝરાયલે ઈરાન વિરુદ્ધ પોતાના નવા અભિયાનનું નામ 'લિયોન્સ રોર' (સિંહની ગર્જના) રાખ્યું છે.



જ્યારે અલ જઝીરાએ અમેરિકી અધિકારીઓને ટાંકીને જણાવ્યું કે આ અમેરિકા અને ઈઝરાયલનું સંયુક્ત સૈન્ય અભિયાન છે.

આ હુમલો ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ હથિયારોને લઈને ચાલી રહેલી વાતચીત વચ્ચે થયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલાની ધમકી આપી હતી. તેમણે કહ્યું કે આ કાર્યવાહીનો હેતુ અમેરિકા અને તેના લોકોને ખતરાથી બચાવવાનો છે.

ટ્રમ્પના મતે, અમેરિકી સેના ઈરાનની મિસાઈલોને નષ્ટ કરવા અને તેના મિસાઈલ પ્રોગ્રામને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે.

**અમેરિકાએ હુમલાની ધમકી આપી હતી**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલાની ધમકી આપી હતી. અમેરિકી સેના પહેલાથી જ ઈરાનને ચારેય બાજુથી ઘેરી ચૂકી છે. આ પહેલા શુક્રવારે અમેરિકાએ પોતાના નાગરિકોને તાત્કાલિક ઈઝરાયલ છોડવા માટે કહ્યું હતું.

તો બીજી તરફ, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે ઈરાન પર હુમલાની જાણકારી આપતા તેને 'પ્રિવેન્ટિવ એટેક' ગણાવ્યો છે. તેહરાન સહિત ઘણા શહેરોમાં ધમાકા સંભળાયા છે અને હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે. હુમલા બાદ ઈરાને તમામ ફ્લાઈટ્સ રોકી દીધી છે અને એરસ્પેસ સંપૂર્ણપણે ખાલી કરાવી દેવામાં આવ્યું છે. અહીં ઈઝરાયલમાં પણ એર એટેકના સાયરન સંભળાઈ રહ્યા છે.

# રાહુલ ગાંધીનો નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર : લખ્યું- એક્સ-સર્વિસમેન કન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ માટે પૂરતું બજેટ આપો

**દિલ્હી, તા.28**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે. તેમણે સશસ્ત્ર દળોના પૂર્વ સૈનિકો સાથે સંકળાયેલા બે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર હસ્તક્ષેપની માગ કરી છે.

25 ફેબ્રુઆરી 2026 ના રોજ લખેલા પત્રમાં રાહુલે એક્સ-સર્વિસમેન કન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ (ECHS) માટે પર્યાપ્ત બજેટ ઉપલબ્ધ કરાવવા અને દિવ્યાંગતા પેન્શન પર લગાવવામાં આવેલી નવી આવકવેરા જોગવાઈ પાછી ખેંચવાની માગ કરી.



રાહુલે લખ્યું છે કે એક્સ-સર્વિસમેન કન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમનો ઉદ્દેશ્ય પૂર્વ સૈનિકોને સારી સ્વાસ્થ્ય સુવિધાઓ આપવાનો છે, પરંતુ તે ગંભીર નાણાકીય સંકટનો સામનો કરી રહી છે.

તેમણે કહ્યું કે જેમણે દેશની સેવા કરી, તેઓ આજે પોતાને ઉપેક્ષિત અનુભવી રહ્યા છે. આ પત્રની એક નકલ રક્ષા મંત્રી રાજનાથ સિંહને પણ મોકલવામાં આવી છે.

રાહુલ ગાંધી સંરક્ષણની સંસદીય સ્થાયી સમિતિના સભ્ય છે. તેઓ સતત પૂર્વ સૈનિકો માટે સરકારી સુવિધાઓ વધારવાની માગ કરી રહ્યા છે.

**રાહુલે પત્રમાં ઉઠાવેલા મુદ્દાઓ**

12 હજાર કરોડથી વધુના મેડિકલ બિલ પેન્ડિંગ છે.

બજેટ ફાળવણી જરૂરિયાત કરતાં લગભગ 30% ઓછી છે.

# અજમેરમાં મોદીએ કહ્યું, કોંગ્રેસનાં દુષ્કૃત્યોને દેશ માફ નહીં કરે

**દિલ્હી, તા.28**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે શનિવારે અજમેરની મુલાકાતે છે. અજમેરમાં PMએ છોકરીઓમાં સર્વાઇકલ કેન્સર અટકાવવા માટે વેક્સિનેશન અભિયાન શરૂ કર્યું છે. મોદીએ અહીં 16,600 કરોડનાં વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યું. આ સાથે 21,800 યુવાનને નિમણૂક પત્રો પણ આપવામાં આવ્યા. બાદમાં PM મોદીએ સભામાં સંબોધન કર્યું હતું.

**મોદીએ કહ્યું, દેશને બદનામ કરવો એ કોંગ્રેસની જૂની આદત**

PM મોદીએ શનિવારે અજમેરમાં કહ્યું, "કોંગ્રેસ ઘાત લગાવીને દેશને બદનામ કરવા માટે ગમે ત્યાં ઘૂસી જાય છે. કોંગ્રેસના આવાં દુષ્કૃત્યોને દેશ ક્યારેય માફ કરશે નહીં." દેશ અને સેનાને બદનામ કરવી, આ કોંગ્રેસ પાર્ટીની જૂની આદત છે. આ એ જ કોંગ્રેસ પાર્ટી છે, જેણે સૈનિકોને શસ્ત્રો અને વર્દીથી તરસાવી રાખ્યા હતા અને તેમને વન રેન્ક, વન પેન્શનથી વંચિત રાખ્યા હતા.

**વિદેશી મહેમાનોની સામે દેશને બદનામ કરવાના કોંગ્રેસના પ્રયાસ**

કોંગ્રેસ દેશભરમાં સતત હારી રહી છે અને ગુસ્સામાં તે ભારતને બદનામ કરીને બદલો લઈ રહી છે. કોંગ્રેસ એક સમયે INC અથવા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ હતી. હવે એ INC નથી. હવે એ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ નથી. આજે INCને બદલે એ MMC બની ગઈ છે, એટલે મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસ. PM નરેન્દ્ર મોદીએ કહ્યું, 'મિત્રો હાલમાં દિલ્હીમાં વિશ્વની સૌથી મોટી AI સમિટ યોજાઈ હતી, જેમાં ઘણા દેશોના વડાપ્રધાનો, રાષ્ટ્રાધ્યક્ષ અને મંત્રીઓએ હાજરી આપી હતી.

# પશ્ચિમ બંગાળની ફાઇનલ મતદાર યાદી આજે જાહેર થશે : બેવાર તારીખ લંબાવવામાં આવી

**પશ્ચિમ બંગાળ, તા.28**

પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પછી ફાઈનલ મતદાર યાદી આજે જાહેર થશે. રાજ્યમાં 27 ઓક્ટોબર 2025 થી SIRની પ્રક્રિયા ચાલુ છે. આ પહેલા 16 ડિસેમ્બરે રાજ્યની ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી હતી. તેમાંથી બંગાળમાં 58 લાખ 20 હજાર 898 મતદારોના નામ દૂર કરવા માટે ચિહ્નિત કરવામાં આવ્યા હતા. બંગાળની ફાઈનલ મતદાર યાદી આ પહેલા 14 ફેબ્રુઆરીએ જાહેર થવાની હતી. પરંતુ કાર્ય પૂર્ણ ન થવાને કારણે તેને પહેલા 21 ફેબ્રુઆરી અને પછી 28 ફેબ્રુઆરી કરવામાં આવી. 23 ફેબ્રુઆરી- તમિલનાડુમાં કુલ 5.67 કરોડ મતદારોના નામ છે.




આ પ્રક્રિયામાં લગભગ 74 લાખ લોકોના નામ કાપવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશમાં કુલ 5,39,81,065 મતદારોના નામ નોંધાયેલા છે. આ પ્રક્રિયામાં રાજ્યમાં 34,25,078 મતદારોના નામ કાપવામાં આવ્યા છે. રાજસ્થાનમાં 5,15,19,929 મતદારોના નામ છે. રાજ્યમાં 31,36,286 મતદારોના નામ કાપવામાં આવ્યા છે. છત્તીસગઢમાં કુલ 1,87,30,914 મતદારો નોંધાયેલા છે. ડ્રાફ્ટ લિસ્ટની સરખામણીમાં ફાઈનલ લિસ્ટમાં 2,34,994 નવા મતદારો વધ્યા છે. કેરળમાં કુલ 2,69,53,644 મતદારો છે.

# શંકરાચાર્ય પર જાતીય શોષણના આરોપોમાં કેટલી સત્યતા : વકીલે પૂછ્યું- એક જ બટુક શા માટે હાજર થયો; માર્કશીટમાં પુખ્ત હોવાનો દાવો

**રાજસ્થાન, તા.28**

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધરપકડ ટળી ગઈ છે. તેમની વિરુદ્ધ 2 બટુકોના યૌન શોષણનો કેસ 7 દિવસ પહેલા નોંધવામાં આવ્યો હતો. કેસ નોંધાવનાર મહંત આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો કે મેડિકલ રિપોર્ટમાં યૌન શોષણની પુષ્ટિ થઈ ચૂકી છે. 27 ફેબ્રુઆરીએ શંકરાચાર્યના વકીલે હાઈકોર્ટમાં કહ્યું- 'આ કેસ એક ધર્મગુરુનો છે, ન કે કોઈ અપરાધીનો.' તેમણે આશુતોષ મહારાજની ક્રિમિનલ હિસ્ટ્રી પણ રજૂ કરી. કોર્ટમાં સાબિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આ એક ષડયંત્ર છે. ત્યારબાદ કોર્ટે શંકરાચાર્યને ધરપકડ પર સ્ટે આપ્યો. આ રાહત ફક્ત માર્ચના ત્રીજા સપ્તાહ સુધી જ આપવામાં આવી છે. કોર્ટે 2 ટિપ્પણીઓ કરી. પહેલી- માર્ચના ત્રીજા સપ્તાહમાં સુનવણી કરીશું, ત્યાં સુધી શંકરાચાર્યની ધરપકડ કરવામાં આવશે નહીં. બીજી- શંકરાચાર્ય પોલીસ તપાસમાં સહયોગ કરશે.

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ પોલીસ તપાસમાં કેટલા ઘેરાઈ ચૂક્યા છે? આરોપોમાં કેટલું વજન છે? પોક્સો કોર્ટમાં બટુકોના નિવેદનો કેટલા મહત્ત્વના હશે? આ સવાલોના જવાબ ભાસ્કરએ પ્રયાગરાજના સિનિયર એડવોકેટ પાસેથી સમજ્યા. કોર્ટનો નિર્ણય આવ્યા બાદ વારાણસીમાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે રંગભરી એકાદશી મનાવી. બટુકોને અબીલ-ગુલાલ લગાવ્યા. કોર્ટનો નિર્ણય આવ્યા બાદ વારાણસીમાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે રંગભરી એકાદશી મનાવી. બટુકોને અબીલ-ગુલાલ લગાવ્યા. પહેલાં જાણો કે ઈલાહાબાદ હાઈકોર્ટમાં શું-શું થયું, બપોરના 3.45 વાગ્યાનો સમય હતો. કોર્ટ રૂમની બહાર વકીલો અને લોકોની ભારે ભીડ જમા હતી. બધા શંકરાચાર્યના અરેસ્ટ સ્ટેની સુનવણી સાંભળવા પહોંચ્યા હતા. જજ જિતેન્દ્ર કુમાર સિંહા કોર્ટ રૂમમાં દાખલ થયા. ભીડની પરિસ્થિતિ જોયા પછી તેમણે કહ્યું- આ કેસની સુનવણી કોર્ટ રૂમમાં નહીં, અમારા ચેમ્બરમાં થશે.



# એકતરફી પ્રેમમાં પાગલ શખસે પ્રેમિકાની માતા-ભાઈનું અપહરણ કર્યું : રાજકોટ યુનિવર્સિટી પોલીસે ચારેય આરોપીની ત્રંબા પાસેથી ધરપકડ કરી

**જનકપુરીના ક્વાર્ટરની બાજુમાં આવેલ મહાદેવના મંદિર પાસે જતા એક અજાણ્યા વ્યક્તિને પુછતા જાણવા મળ્યું કે એક એર્ટીગા કારમાં એક બહેન તથા છોકરાને બળજબરીથી બે વ્યક્તિઓ ગાડીમા બેસાડીને લઈ ગયા છે.**








**રાજકોટ, તા.28**

રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ ઉપરથી માતા અને પુત્રનું એકતરફી પ્રેમમાં પાગલ શખસે કારમાં અપહરણ કરી લેતા બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી ગણતરીની કલાકોમાં બંને માતા-પુત્રને ત્રંબા નજીકથી છોડાવી અપહરણ કરનાર ચાર શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ તપાસમાં આરોપી પ્રેમી બાબુ ઉર્ફે કૃણાલ મીઠારની પ્રેમિકાના લગ્ન પરિવારજનો દ્વારા બીજે નક્કી કરી દેવામાં આવતા રોષે ભરાયેલ પ્રેમીએ પ્રેમિકાની માતા અને તેના ભાઈનું કારમાં અપહરણ કરી લઈ ગયો હતો. જેમાં તેને તેના મિત્રોએ પણ સાથ આપ્યો હતો. હાલ પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અપહરણની ફરિયાદમાં પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ભાવનગર રોડ પર ત્રંબા નજીકથી આર્ટીગા કાર મળી આવી હતી. જોકે, તેમાં આરોપી કે માતા-પુત્ર મળી આવ્યા ન હતા. દરમિયાન જાણવા મળ્યું હતુ કે, આરોપી કાર બદલાવી પરત રાજકોટ તરફ ભાગ્યાં છે ત્યારે ફરી પોલીસે તેનો પીછો કરતાં ભાવનગર રોડ પરથી આરોપીને આંતરી માતા-પુત્રને મુક્ત કરાવ્યાં હતા અને આરોપી બાબુ ઉર્ફે કૃણાલ માલા મિઠાર (ઉં.વ.29), ભરત જીવા કલોત્રા (ઉ.વ.30), અલ્પેશ ઠાકોર (ઉ.વ.20) અને જયદિપ લીંબાસીયા (ઉ.વ.24)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાધુ વાસવાણી રોડ પર રહેતાં 55 વર્ષીય પ્રૌઢે યુનિવર્સિટી પોલીસમાં બાબુ ઉર્ફે કૃણાલ અને તેના મિત્રો વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. જેમા જણાવ્યું હતુ કે, ગઈકાલે રાત્રીના 8 વાગ્યાની આસપાસ તેઓ ટીફીન લઈ કે.કે.વી હોલ પાસે આવેલ બ્લીંકીટના સ્ટોર ખાતે નોકરી પર જતા હતા ત્યારે અગાઉ પાડોશમાં રહેતો બાબુ ઉર્ફે કુણાલ જેને મારી દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. મારી દીકરીના અમદાવાદ લગ્ન કરાવી દીધા હતા. જેથી કુણાલ તથા તેનો મિત્ર ભરત કુણાલની સફેદ કલરની આર્ટીગા ગાડી લઈ તેમની પાછળ આવતા હતા, જેમાં કુણાલ ગાડી ચલાવતો હતો જેથી તેઓ સાધુવાસવાણી રોડ પર ગંગોત્રી ડેરી પાસે આવેલી મૈયાભાઈની ચાની હોટલે ઉભા રહી ગયા હતા. આરોપીઓ ફોવ્હીલર લઈ સામેની બાજુ ઉભા હતા જેથી પ્રૌઢે પત્નીને ફોન કર્યો હતો કે આપણો જુનો પાડોશી કુણાલ તથા તેનો મિત્ર ભરત બંને તેની કાર લઈ મારી પાછળ પાછળ આવે છે. બાદમાં પત્ની મૈયાભાઈની હોટેલ ખાતે આવ્યા હતા અને પાછળથી દીકરો પણ ત્યાં આવ્યો હતો. થોડીવાર પછી આરોપીઓ કાર લઈને જતા રહ્યા હતાં જેથી પત્ની તથા દીકરાને ઘરે મોકલી દીધા હતા અને પોતે ત્યાથી બ્લીંકીટના સ્ટોર નોકરી પર જતા રહ્યા હતા. બાદમાં 9.15 વાગ્યે પત્નીને ફોન કર્યો હતો પરંતુ પત્નીએ ફોન ઉપાડ્યો ન હતો જેથી તે ઘરે પહોંચી દીકરીને પૂછતાં તેને જણાવ્યું કે, મમ્મી તથા ભાઈ બંને ઘરે આવ્યા નથી જેથી આસપાસમાં તપાસ કરી હતી. જનકપુરીના ક્વાર્ટરની બાજુમાં આવેલ મહાદેવના મંદિર પાસે જતા એક અજાણ્યા વ્યક્તિને પુછતા જાણવા મળ્યું કે એક એર્ટીગા કારમાં એક બહેન તથા છોકરાને બળજબરીથી બે વ્યકિતઓ ગાડીમા બેસાડીને લઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, આરોપી કુણાલને ફરિયાદીની દીકરી સાથે લગ્ન કરવા હોય અને દીકરીના લગ્ન કરાવવા ન હોય અને તેણીના લગ્ન અમદાવાદ ખાતે કરાવતા કુણાલએ ઉશ્કેરાઈ માતા પુત્રને બળજબરીથી ગાડીમા બેસાડી અપહરણ કરી નાસી છૂટ્યો હતો. હાલ પોલીસે આરોપીઓ પાસેથી એક અર્ટીગા કાર અને એક ઓરા કાર કબ્જે કરી રિમાન્ડ મેળવવા તપાસ તજવીજ હાથ ધરી છે. આરોપી બાબુ ઉર્ફે કૃણાલ વિરુદ્ધ અગાઉ વર્ષ 2016માં પોક્સો સહીત કલમ હેઠળ ગઢડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ ચુકી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# ચોટીલા પાસેની બે હોટલમાં ચાલતો દેહવ્યાપારનો ધંધો:નાયબ કલેક્ટરે ડમી ગ્રાહકો મોકલી રેડ કરી

## વ્યક્તિ દીઠ રૂ.1 હજાર વસૂલતા; હોટલના માલિકોને નોટિસ ફટકારી

**ચોટીલા, તા.28**



યાત્રાધામ ચોટીલાની બાજુમાં આવેલી કેટલીક હોટેલોમાં દેહવ્યાપારનો ધંધો ચાલતો હોવાની માહિતી મળતા જ નાયબ કલેક્ટરે ડમી ગ્રાહક મોકલી રેડ કરી હતી. જેમાં બે હોટલમાં દેહવ્યાપારની પ્રવૃતિ થતી હોવાનું સામે આવ્યું હતું. જેથી આ બન્ને હોટલના માલિકોને નોટિસ ફટકારવામાં આવી હતી. આ અંગે વિગતવાર જોઈએ તો ચોટીલાના નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એચ.ટી. મકવાણાને ચોટીલા યાત્રાધામની આસપાસની હોટલોમાં દેહવ્યાપારની પ્રવૃતિ ચાલતી હોવાની વિશ્વસનીય માહિતી મળી હતી. આ પ્રવૃત્તિ યાત્રિકો અને નાગરિકોની ભાવનાઓ અને આસ્થાને ઠેસ પહોંચાડી રહી હતી. આ માહિતીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તેની ખરાઈ કરવા માટે અધિકૃત ટીમ અને ડમી ગ્રાહકોને વિવિધ હોટલોમાં મોકલવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, બે હોટલોમાં દેહવ્યાપાર જેવી ગંભીર, ગેરકાયદેસર અને અનૈતિક પ્રવૃત્તિઓ ખુલ્લેઆમ ચાલતી હોવાનું માલુમ પડ્યું હતું. આ પ્રવૃત્તિ હેઠળ એક વ્યક્તિ દીઠ રૂ. 1000 વસૂલ કરવામાં આવતા હતા. ચોટીલાની સીટી પેલેસ હોટલ કે જેના માલિક છે દેવાભાઈ ભીખાભાઈ આલ તેમજ બાલાજી હોટલ કે જેના માલિક છે ગભરૂભાઈ ભોજભાઈ કાઠી દરબાર. આ બન્ને હોટલો આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યું છે. ખાનગી રાહે મોકલેલી અધિકૃત ટીમ અને ગ્રાહકો દ્વારા કરાયેલી અચાનક તપાસમાં આ બંને હોટલોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું સામે આવ્યું હતું. તેથી, Immoral Traffic (Prevention) Act, 1956 (અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ 1956) ની કલમ 18 (1) હેઠળ મળેલી સત્તાની રૂએ બંને હોટલના માલિકોને દેહવ્યાપારની પ્રવૃતિઓ બંધ કરવા અને હોટલો સીલ કરવા માટે ક્લોઝર નોટિસ ફટકારીને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જો ચોટીલા ડિવિઝનમાં આવી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ હોય અથવા તેમના ધ્યાનમાં આવે, તો તેઓ ખાનગી રાહે માહિતી આપી શકે છે. આ અંગે ચોટીલા નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્યની અંદર અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ 1956 મુજબ દેહવ્યાપાર પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવા અનૈતિક વેપાર કરવો એ ગુનો બને છે. આજથી 15 દિવસ પહેલા અમોને વિશ્વસનીય અને આધારભૂત સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે, ચોટીલા યાત્રાધામની આજુબાજુ આવેલી હોટલ અને નેશનલ હાઈવે 47 પર આવેલી અમુક હોટલોની અંદર આવી અનૈતિક વેપાર પ્રવૃતિઓ ચાલે છે. આ ખુબ જ ગંભીર મામલો હોય અને ચોટીલા એ એક પવિત્ર યાત્રાધામ હોય તેમજ નાગરિકો અને યાત્રિકોની ભાવના અને આસ્થાને ઠેસ પહોંચે તેવી કોઈ પણ પ્રવૃતિઓ ચલાવી લેવાય નહીં. એને ધ્યાનમાં રાખીને અમે અધિકૃત ટીમો બનાવી ચોટીલામાં ગ્રાહકોની વ્યવસ્થા કરી અને જુદી જુદી હોટલોની અંદર આ ટીમોને અને ગ્રાહકોને મોકલ્યા હતા.

# 66 વર્ષીય વૃદ્ધે એન્ટિક ખજાનાનું અનોખું મ્યુઝિયમ બનાવ્યું

## વિવિધ પ્રકારના કોઇન્સ, બ્રિટિશકાળના દસ્તાવેજો, 100 વર્ષની ટપાલ ટિકિટોનો સંગ્રહ, ફાર્મહાઉસમાં અનેક પ્રકારનાં ફળોનું વાવેતર

**સુરેન્દ્રનગર, તા.28**



સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી તાલુકાના માલણપૂર ગામમાં 66 વર્ષીય વૃદ્ધે એક અનોખુ મ્યુઝિયમ બનાવ્યું છે. મુઘલ કાળના, રજવાડાના અને પૌરાણિક સિક્કાઓ સાથે તાંબા પિતળ તેમજ જર્મન સિલ્વરની જૂની એન્ટીક ચીજોનો સંગ્રહ જોવા મળે છે, સાથે બે વીઘા જમીનમાં પોતાનું ફાર્મ હાઉસ બનાવ્યું છે. જેમાં જામફળ, આંબળા, ચિકુ, દાડમ, લીંબુ, બોર સહીત અંજીર, ઈલાયચી, લાલ ચંદનના છોડ વચ્ચે અબોલ પક્ષીઓનો કલરવ સાંભળવા મળે છે. 66 વર્ષના નિવૃત શિક્ષક હિંમત પનારા પોતાની પત્ની પ્રભાબેન પનારા સાથે કુદરતના સાનિધ્યમાં પ્રકૃતિ સાથે દુર્લભ સંસ્કૃતિનો અનોખો સંગમ વચ્ચે પોતાનું નિવૃત જીવન ગાળે છે. હિંમત પનારાએ પોતાના ફાર્મમાં જામફળના 500 ઝાડ, આંબાના 30 ઝાડ, 30 ચીકુના ઝાડ, 30 દાડમના ઝાડ, 30 લીંબુના ઝાડ, 30 બોરના ઝાડનું વાવેતર કર્યું છે. આ ઉપરાંત વિવિધ પ્રકારના ફળોના વૃક્ષોની જાતો જેમાં 7 રાયણ, 7 સંતરા, 7 મોસંબી, 7 સીતાફળ, 7 અંજીર, 20 નાળિયેરી, 7 આંબલા, 3 સેતુર, 3 ગુંદો, 3 તજ, 5 ઈલાયચી, 5 તજપત્તા (તમાલપત્ર), 3 સફરજન, 5 લાલ ચંદન, 2 ગોરસ આંબલી, 2 લક્ષ્મણ ફળ, 2 રામફળ, 2 હનુમાનફળ, 10 જાંબુડા સફળતા પૂર્વક ઉગાડ્યા છે. હિંમત પનારા કહે છે કે, ફાર્મ હાઉસમાં 50 ટકા ફળો અમારા પક્ષીઓ માટે હોય છે. પહેલા અહીં પક્ષીઓની સંખ્યા શૂન્ય હતી. અત્યારે ફાર્મ હાઉસમાં વિવિધ 20થી વધુ પ્રકારના 800થી 1000 જેટલા પક્ષીઓ આવે છે. હિંમત પનારાએ પોતાના નાનપણના શોખને આગળ વધારતા વિવિધ પ્રકારના એન્ટીક કોઈન્સનો સંગ્રહ જેમાં મુઘલ કાળના સિક્કાઓ, રજવાડાના સિક્કાઓ, પૌરાણિક સિક્કાઓ, બ્રિટિશ કાળના સિક્કાઓ, બ્રિટિશ ઈન્ડિયાના સિક્કાઓ જેમાં લગભગ 14મી સદીથી 2000ની સદીના તમામ દેશી અને વિદેશી સિક્કાઓનો અનોખો સંગ્રહ કર્યો છે. સાથે એમણે તાંબા, પિતળ તથા જર્મન સિલ્વરની જૂની એન્ટીક ચીજોનો સંગ્રહ કર્યો છે, જેમાં રમકડાં, દીવા, મૂર્તિઓ, જૂના રસોડા સેટ, ટીફીનો, તાંબા કુંડીઓ, અત્તરદાનીઓ, જર્મન સિલ્વરના જગ, કીટલીઓ (ટી-સેટ), ડીનર સેટ, બાળકોને રમવાના રમકડા, બેડા, ડોલ, મીનીચેયર, કોતરણીવાળા લોટા, ઘડા, જળઝારી, વિવિધ જાતની પાનદાની, પિત્તળના વજનદાર રમકડાં, હાથી, ઘોડા, ઉંટ, હથિયારો, નૃત્ય કરતી મૂર્તિઓ, પોટ્રીશિલ્પો, ગાંધીજી, સરદાર, મીરાંબાઈ, રવિન્દ્રનાથ ટાગોર, તમામ ડિઝાઈનના આદિવાસીના ઘરેણાં, ઓલ્ડ ઓર્નામેન્ટ્સ, તલવારની મુઠ, હુક્કા, તોલવાના નાના મોટા ત્રાજવાઓ પિત્તળના 10 ગ્રામથી 10 કિલો સુધીના બાટ જેવા લગભગ 4,000થી વધુ એન્ટીક પીસોનો દુર્લભ સંગ્રહ એમની પાસે છે.

# સુરેન્દ્રનગરમાંથી દોઢ કરોડનો દારૂ ઝડપાયો : હરિયાણાથી ગુજરાતમાં દારૂ પહોંચતા જ SMC ત્રાટકી

**સુરેન્દ્રનગર, તા.28**



ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ ગામ નજીક આવેલી આલીશાન હોટલમાં પાર્ક કરેલી ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. હરિયાણાથી ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં દારૂની 33,816 બોટલ સંતાડી ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો હતો ત્યારે જ SMC ત્રાટકી હતી. પોલીસે દોઢ કરોડના દારૂ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી છે. SMC દ્વારા 30 જાન્યુઆરી, 2026ના રોજ કરાયેલા આ દરોડામાં રૂ. 1,50,48,800ની કિંમતની દારૂની 33,816 બોટલ મળી આવી હતી. આ દારૂ હરિયાણાના જુંડલ તેમજ જટવારમાં લિકર પ્રાઈવેટ લિમિટેડ તેમજ ઓએસિસ કોમર્શિયલ પ્રાં.લિમિટેડમાં બનાવવામાં આવ્યો હતો. આ દારૂ હરિયાણાથી ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં ભરી ગુજરાતમાં ઘૂસાડવામાં આવ્યો હતો. જોકે, આ ટ્રક સુરેન્દ્રનગરના માલવણ ગામ નજીકની હોટલમાં પાર્ક કરવામાં આવ્યો હતો. જ્યાં SMCની ટીમે દરોડો પાડી દારૂ સાથે ટ્રક ચાલકને ઝડપી પાડ્યો હતો. દારૂ ઉપરાંત, પોલીસે રૂ. 15,00,000ની કિંમતનો એક ટર્બો ટ્રક, રૂ. 5,000નો એક મોબાઈલ ફોન અને રૂ. 3,00,000ની કિંમતના કવરિંગ પ્લાયબોર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આમ, કુલ રૂ. 1,68,53,800નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ કેસમાં પોલીસે ઓરૈયા (ઉત્તર પ્રદેશ)ના રહેવાસી ટ્રક ચાલક સત્યેન્દ્ર પાલ બલવીરસિંગની ધરપકડ કરી છે. આ ઉપરાંત, દારૂના રિસીવર તરીકે સુરેન્દ્રનગરના ગેડિયા ગામના બિલકીસબાનુ હનીફખાન મલેક અને ઈસ્માઈલખાન બિસ્મીલાખાન મલેક, ઝેઝરી ગામના અકીબખાન ઈલમખાન મલેક તેમજ દારૂના સપ્લાયર તરીકે ઉદયપુર, રાજસ્થાનના પ્રીતમસિંગ સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# 'અમને બધાને મારી નાખો, પછી વિકાસ કરો':રાજકોટમાં મોટેપાયે ડિમોલિશનના ડરથી રહીશો રડી પડ્યા

**રાજકોટ, તા.28**



રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા જંગલેશ્વર સહિત આસપાસની 7 જેટલી સોસાયટીના 1358 પરિવારોને ડિમોલિશન માટેની ફાઈનલ નોટિસ આપવામાં આવી છે. અસરગ્રસ્તોએ તાજેતરમાં મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ દોડી જઈને ઉગ્ર રજૂઆતો કરી હતી. રૂ. 400 કરોડની કિંમતની અંદાજે 1.05 લાખ ચો. મીટર જગ્યા ખાલી કરવાની નોટિસ મળતાં અનેક પરિવારો ચિંતામાં મુકાઈ ગયા છે. અહીંના લોકોની વ્યથા જાણવા જંગલેશ્વરમાં પહોંચ્યું હતું. અમે રાધાકૃષ્ણ સોસાયટીનાં વેલનાથજી મંદિરે પહોંચ્યા ત્યારે અહીં મહિલાઓ સહિત 50 જેટલા લોકો એકઠા થયા હતા. ડિમોલિશનની નોટિસ મળતાં જ આશરો છીનવાઈ જવાની ભીતિમાં ગરીબ પરિવારો જોવા મળ્યા હતા. સ્થાનિકોએ તંત્ર સહિત નેતાઓ સામે પણ આક્રોશ ઠાલવ્યો હતો. અનેકે તો ઘરમાં રાંધ્યું પણ નહોતું. જ્યાં જુઓ ત્યાં લોકો એકત્ર થઈને હવે શું થશે? ક્યાં જઈશું? જેવી ચર્ચા કરતા જોવા મળ્યા હતા. દિવ્ય ભાસ્કર સમક્ષ પોતાની વ્યથા વર્ણવતાં એક મહિલા તો રડી પડી હતી. અન્ય વૃદ્ધાએ કહ્યું હતું કે અમને બધાને મારી નાખે અને પછી મકાનો પાડીને જે વિકાસકામો કરવાં હોય એ કરે. તો વેલનાથજી મંદિરના મહંતે કહ્યું કે હજારો લોકોને આશરો આપતા મંદિરને પણ આ લોકોએ છોડ્યું નથી, તેણે પણ તોડી પાડવા નોટિસ આપી છે. રાધાકૃષ્ણ નગરના વેલનાથજી મંદિરમાં છેલ્લાં 50 વર્ષથી વસવાટ કરતા મહંત મનુભાઈ ધેણોજાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે જ્યારે તેઓ અહીં રહેવા આવ્યા ત્યારે આ વિસ્તારમાં છૂટાછવાયાં જ મકાનો હતાં. સમય જતાં વસતિ વધી અને લોકોની સુવિધા માટે આશરે 35 વર્ષ પહેલાં તમામ સમાજના લોકોએ સાથે મળી વેલનાથજી મંદિરનું નિર્માણ કર્યું હતું. મંદિર પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે મધ્યમ અને ગરીબવર્ગના લોકો, જેઓ મોંઘા વાડીના ભાડા ખર્ચી શકતા નથી, તેઓ પોતાના પ્રસંગો અને જમણવાર અહીં યોજી શકે છે. આ મંદિરમાં લગ્ન કે અન્ય સામાજિક પ્રસંગો માટે 40 કે 50,000 જેવું મોટું ભાડું વસૂલવામાં આવતું નથી. માત્ર વાસણ, લાઈટ અને પાણીના ખર્ચ પેટે નજીવી રકમ લઈને લોકોને પ્રસંગો કરવાની મંજૂરી આપવામાં આવે છે, જેથી ગરીબ લોકો પણ પોતાનાં દીકરા-દીકરીનાં લગ્ન સારી રીતે કરી શકે છે, જોકે તંત્રએ કોરોના સહિતના કપરા સમયમાં હજારોને આશરો આપનારા આ મંદિરને પણ છોડ્યું નથી. એનું પણ ડિમોલિશન કરવાની નોટિસ આપવામાં આવી છે. મહંતના જણાવ્યા મુજબ, આ ડિમોલિશન માટે હુસેની ચોકથી લઈને નાડોદા સુધીના વિસ્તારમાં આશરે 3500થી 4000 જેટલા લોકોને નોટિસ ફટકારવામાં આવી છે. તંત્ર દ્વારા આશરે 1300 મકાનો તોડી પાડવાની વાત કરવામાં આવી રહી છે, પરંતુ હકીકતમાં 4000 જેટલા લોકોને નોટિસ આપવામાં આવી છે. એના કારણે આશરે 1.5થી 2 લાખ જેટલા લોકોની વસતિ પ્રભાવિત થઈ શકે એમ છે. આટલી મોટી સંખ્યામાં લોકોને ઘરબાર વગરના કરવાના તંત્રના નિર્ણય સામે સ્થાનિકોમાં ભારે અજંપો વ્યાપેલો છે.


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

## તંત્રી લેખ

# મૂછને આંકડા, બ્લેકફિલ્મવાળી બ્રેઝા અને નકલી પોલીસનો રોફ

મૂંછને આંકડાવાળી, બ્લેકફિલ્મવાળી બ્લેક કલરની બ્રેજા કાર લઈને આણંદની બજારમાં ફરીને પોતે પોલીસ જવાન હોવાનું જણાવીને રોફ જમાવતા નકલી પોલીસ કોન્ટેબલને અસલી પોલીસે ઝડપી પાડ્યો છે. નકલી પોલીસ બનીને ફરતા યુવકનો રોફ એટલો બધો હતો કે અસલી પોલીસ પહોંચી તોય પોતે પોલીસમાં હોવાનું જણાવીને રોફ જમાવ્યો હતો અને આટલાથી ઓછું હોય એમ એની પાસે રહેલું આઈકાર્ડ પણ બતાવ્યું હતું, જોકે અસલી પોલીસે યુવકને ક્યાં ફરજ બજાવે છે એવું પૂછતાં આખો ભાંડો ફૂટી ગયો હતો. ઘટનાની વિગતે વાત કરીએ તો... ગઈકાલે સાંજના સમયે આણંદ ટાઉન પોલીસને બાતમી મળી હતી કે શહેરના તુલસી ગરનાળા નજીક આકાશ ટાઉનશિપ તરફના રોડ પર (GJ-23-CJ-8843) નંબરની કાળા કાચ અને કાળા કલરની બ્રેઝા ગાડીમાં એક શખસ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી રહ્યો છે, જોકે તે પોલીસ નથી. તેની પાસે બનાવટી પોલીસ આઈડી અને પોલીસ લખેલી પ્લેટ પણ છે. અસલી પોલીસ સામે પણ પોતે પોલીસમાં હોવાનો દાવો કર્યો, બાતમીના આધારે પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં બાતમી મુજબની ગાડી પાર્ક કરેલી હતી અને એમાં એક વ્યક્તિ બેઠેલી હતી. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર (રહે. રઘુકુળ સોસાયટી, મોગર, તા.આણંદ) જણાવ્યું હતું અને પોતે પોલીસમાં હોવાનો દાવો કરી પેન્ટના ખિસ્સામાંથી ગુજરાત પોલીસનું આઈડી કાર્ડ બતાવ્યું હતું. ફરજના સ્થળ વિશે પૂછતાં આરોપીની પોલ ખૂલી, જોકે પોલીસે ફરજના સ્થળ વિશે પૂછપરછ કરતાં સુરેન્દ્રસિંહ ભાંગી પડ્યો હતો અને તેણે કબૂલ્યું હતું કે આ પોલીસ આઈડી કાર્ડ બનાવટી છે. પોલીસે તેની અટકાયત કરી તલાશી લેતાં તેના ખિસ્સામાંથી બે મોબાઈલ ફોન તેમજ મીડિયાનું આઈડી કાર્ડ મળ્યાં હતાં.ગાડીમાંથી પોલીસ લખેલી નેમપ્લેટ પણ મળી, વધુમાં તેની ગાડીમાંથી લાલ તથા વાદળી કલરના રેડિયમ પટ્ટાવાળી અંગ્રેજીમાં 'પોલીસ' લખેલી પ્લેટ પણ મળી આવી હતી, જે પોલીસે જપ્ત કરી છે. પકડાયેલા સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 204, 205, 336(2), 340(2) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.નકલી આઈકાર્ડ પર ફોટો પણ હતો, સુરેન્દ્રસિંહ પાસેથી મળેલું બનાવટી પોલીસ આઈડી. કાર્ડમાં ઓળખપત્ર નંબર 961 અને ઈસ્યુ તારીખ 28/05/2014 દર્શાવવામાં આવી હતી. કાર્ડધારકનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ અને હોદ્દો 'પોલીસ કોન્સ્ટેબલ' એમ અંગ્રેજી ભાષામાં લખેલું હતું તેમજ કાર્ડ પર સુરેન્દ્રસિંહનો ફોટો પણ હતો. 'હું ક્રાઈમ બ્રાન્ચમાં છું, તારી પર કેસ થયો છે' ત્રણેક દિવસ અગાઉ રાજકોટમાં નકલી પોલીસ બની લોકોને લૂંટી લેતા શખસે એક જગ્યાએ 20 હજારનો તોડ કરતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, જોકે નકલી પોલીસ બનીને ગયેલા શખસને અસલી પોલીસે પીછો કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ શખસ પર અગાઉ 5-5 વખત નકલી પોલીસ બની તોડ કરવાના કેસમાં એક વખત પાસા હેઠળ પણ ધકેલાઈ ચૂક્યો હતો. આમ છતાં ફરી જેલમાંથી બહાર આવી પોલીસના નામે લૂંટ ચલાવતાં આખરે પોલીસે તેને છઠ્ઠી વખત ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# ભારત અને ઈયુ વચ્ચેનાં કરારથી આમ જનતાને શું ફાયદો થશે?? એ પ્રશ્ન વિચારવાં જેવો ખરો!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

છેલ્લાં એક વીકનાં સમાચારમાં એક દુ:ખદ છે, કે મહારાષ્ટ્રનાં ડેપ્યુટી સી એમ અજીત પવારનું પ્લેન ક્રેશમાં મૃત્યુ! એ આઈ ની મદદથી એમેઝોન 16000 કર્મચારી ઓની છટણી કરશે. શંકરાચાર્ય અને યોગી સરકાર વચ્ચેનાં વિવાદમાં ભાજપનાં વરિષ્ઠ નેતા ઉમા ભારતીએ નિવેદન કર્યું કે, સરકારને શંકરાચાર્ય હોવાનાં પુરાવા માંગવાનો અધિકાર નથી. સીંગતેલમાં એક જ દિવસમાં ડબ્બે રૂપિયા 80 નો વધારો, અને અઠવાડિયામાં રૂપિયા 300 નો વધારો. વિશ્વમાં મહાસત્તાઓની રાજકીય ગરમી વચ્ચે કુદરતનો કોલ્ડ પ્લે! રશિયામાં સમગ્ર ટાવર બરફથી થીજી ગયું. અમેરિકામાં નુડલ્સ પણ બરફ થઈ ગયાં, આમ રશિયા યુરોપ અને અમેરિકા સુધી હાડ થીજવતી ઠંડીનો કેર. તાલીબાન શાસકોનું વધુ એક અમાનવીય પગલું અફઘાનિસ્તાનમાં ગુલામી પ્રથા કાયદેસર, ગુનો કરવાં છતાં મૌલવીઓને સજા નહીં. નવસારીનાં આતંકી યુવાન પાસેથી દેશની આનને નુકશાન કર્તા સામાન જપ્ત.અરિજિત સિંહ ની સિગિંગ છોડવાની જાહેરાતથી એનો ચાહક વર્ગ નારાજ. પણ સારાં સારાં અને મુખ્ય કહી શકાય એવાં સમાચારમાં રંગેચંગે દેશની ગરિમા વધારતા ભારતના 77 માં પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ, અને ભારતના દરેક રાજ્ય અને શહેરમાં પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ. લાલ કિલ્લામાં મુખ્ય અતિથિ યુરોપિયન યુનિયનના નેતા ઉર્સુલા વોન ડેર લેયન અને ઓન્ટેનિયોઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું, અને અંતે 27/1/2026 ના મંગળવારે ભારત અને ઈયુ વચ્ચે મધર ઓફ ડિલ થઈ, જેમાં આપણાં વડાપ્રધાનનું કહેવું છે, કે વૈશ્વિક અશાંતિ વચ્ચે 27 દેશનાં સંગઠન સાથે ભારતનાં ઐતિહાસિક કરાર ! ભારતનો 93% સામાન ડ્યુટી ફ્રી થશે,જ્યારે યુરોપિયન યુનિયન નાં 90% સામાન પર ઈમ્પોર્ટ ડ્યુટી સમાપ્ત થઈ જશે.

બંને પક્ષે કુલ 13 કરાર થયાં, આ ડિલથી ભારતમાં ઓડી, મર્સિડીઝ, બીએમડબલ્યુ, લેમ્બર્ગિની, જેવી કાર તથા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, કેમિકલ અને દારુ સસ્તા થશે, એમણે કહ્યું કે ઓટોમોબાઈલ્સ પર ટેરિફ તબક્કાવાર નાબુદ કરશે. કરાર મુજબ વિશ્વનાં બે મોટા અર્થતંત્ર સાથે મૈત્રીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. નો ડાઉટ ન્યુ ઈન્ડિયાની નજરે આને જ વિકાસ કહેવાય છે, અને આંતરરાષ્ટ્રીય સ્તરે ફાયદો થશે જ, પરંતુ આ ડિલથી જે વસ્તુઓ પરનો ટેરિફ ઘટશે એનાથી સામાન્ય થી સામાન્ય માનવીને ફાયદો થશે? શું મોંઘવારી ઘટશે? રોજગારી વધશે? આમ માનવીનું જીવન સરળ બનશે? એ પણ એક વિચારવા જેવી બાબત છે. ભારતની અધધધ વસ્તીમાં હાઈ ઈન્કમ વાળો કેટલો વર્ગ છે? અને ભારતની ઈકોનોમીમાં આવાં કરારથી કેટલો ફાયદો થશે! એવું એક સરેરાશ વિશ્લેષણ કરવામાં આવે તો બહુ ઓછાં લોકોને આ ડિલની વૈભવી કારમાં ટેરિફનો ફાયદો થશે. બીજું આ ડિલથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો સસ્તા થશે! મેન્યુઅલ વર્ક હજી પણ ઘટશે, તો આમ પણ આજની યુવાની મહેનતનો માર્ગ ભૂલતી જાય છે! અને લગભગ દરેકને વ્હાઈટ કોલર જોબ જોઈએ છે, તો યુવાનોમાં આળસ અને પ્રમાદનો વધારો થશે! વધુ લોકો



બેરોજગાર થશે! આ ઉપરાંત દારુ સસ્તો થશે! અને આમપણ ટીવી અને વેબ સિરીઝને કારણે દેશ વ્યસનનાં ભરડામાં જ છે! આંતરરાષ્ટ્રીય બજારમાંથી કરોડોનું ડ્રગ્સ આપણાં યુવાનોને દિશાહીન કરવા માટે ઠલવાય જ છે! અને હવે તો ખુલ્લેઆમ સસ્તો માલ મળશે, એટલે એક અંદાજ મુજબ દેશમાં હજી પણ લૂંટફાટ, મર્ડર, અને બલાત્કાર જેવી અનૈતિકતા અને ભ્રષ્ટાચાર વધશે!

એટલે એવું કહેવાનો મતલબ

બિલકુલ નથી કે ભારતનો વિકાસ થયો નથી, ભારતે ઘણે મોરચે જીત હાંસલ કરી છે, અને વિશ્વની સૌથી મોટી ચાર આર્થિક વ્યવસ્થામાં એનું નામ આવી ગયું છે, એ કોઈ નાનીમોટી વાત નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત નામના મેળવી ચૂક્યું છે, ઓપરેશન સિંદૂર થી આપણે જોયું કે સરહદો પણ ડિફેન્સ સિસ્ટમને કારણે સુરક્ષિત થતી જાય છે. અન્ય દેશ વચ્ચે વિવાદોમાં સમાધાન કરવામાં તેમજ દેશને વિકાસની હરણફાળ જેવી પ્રગતિ કરાવવા માટે ભારતનાં પ્રધાનમંત્રીનું નામ વિશ્વમાં લોકપ્રિય થતું જાય છે. વિશ્વ પણ શાંતિને માર્ગે આગળ વધે એટલે વસુધૈવ કુટુંબ જેવી ઉચ્ચ ભાવના સાથે એને જોડવામાં આવ્યું છે. વેપારિકરણ માટે આવું વિઝન બહું જરુરી અને સ્પષ્ટ છે, પણ આટલી મોટી વસ્તી ધરાવતા દેશનો આંતરિક વિકાસ પણ બહુ જરૂરી છે! પણ વિકાસ કોને કહીશું? છેક છેવાડાના માનવી સુધી ટેકનોલોજી પહોંચી એને? કે પછી કોઈ ભૂખ્યું ન રહે એને! અથવા તો આસાનીથી એની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી શકે એને? ભારતનો એક એક નાગરિક શારિરીક સ્વસ્થ રહી શકે, એ માટે એની આર્થિક સ્થિતિ સુધારવી જોઈએ, અને એની માટે બજેટની ફાળવણી આમ જનતાનાં ફાયદા માટે હોવી જોઈએ! ઉપરની બધી વાત છોડો કારણ કે આવાં નિર્ણયો એટલે કે કરાર કંઈ એમનેમ તુક્કા બાજીમાં લેવાતા નથી! એમાં કેટલાય મોટા મોટા અર્થશાસ્ત્રી ઓનો મત લીધો હોય, કેટલીય સંભવિત ચર્ચા વિચારણા થઈ હોય, અને પછી લાંબેગાળે ફાયદાકારક હોય તો જ લેવામાં આવે, એટલે આ કરારને વખોડવાની વાત નથી. પરંતુ ભારતનાં એક નાગરિક તરીકે સામાન્ય માનવીથી થોડું ઉપર જઈ એક નવું સમીકરણ માંડીને વિચારીને આ કરાર સફળ થવાની 50% અને 50% નિષ્ફળ થવાની સંભાવના છે, એમ ધારીએ તો ફાયદામાં પણ નુકશાન છે! એટલે કે ટેરિફ ડ્યુટી નીકળી નીકળી ને કેટલી બાદ થાય ! અને એમ અંતે તો આ બધી મોંઘી મોંઘી ઈમ્પોર્ટ ગાડીઓ ખરીદશે તો ધનવાન જ ! એટલે હિટ એન્ડ રનના કેસ વધશે! બીજી રીતે વિચારીએ તો આવી ગાડીઓ જેટલી વધુ વેચાય એટલાં નાણાં તો વિદેશી અર્થતંત્રમાં જ જશે! અને જે તે દેશની અર્થ વ્યવસ્થાને આ આ આર્થિક લાભ થશે. ટૂંકમાં આ કરારથી ભારતની સામાન્ય જનતાને એવો કોઈ લાભ થશે નહીં! હા ગ્રીન હાઉસનાં ઉત્સર્જિત વાયુ ઘટાડવા માટેની 500 મિલિયન ડોલરની મદદથી પ્રદૂષણની માત્રા ઘટી શકે. ચાલું સરકારનાં વડાપ્રધાનનું વિઝન છે કે, 2040/45 આસપાસ તો ભારતને મહાસત્તા તરીકે સિદ્ધ કરી જ દેવું છે, અને ભારત વિશ્વમાં મહાસત્તા થશે જ, એમાં કોઈ શંકાને સ્થાન નથી! પણ એની માટે એકલી સરકાર કામ કરે એટલું પર્યાપ્ત નથી, ભારતના પ્રત્યેક નાગરિકને એની માટે કોઈ ને કોઈ રીતે યોગદાન દેવું પડશે. ભારતીય નાગરિકો એ દેશને ઉપર લાવવાં થોડા નાના મોટા સંકલ્પ કરવા પડશે, એટલે શોખ કે સ્ટેટસ માટે વિદેશી અર્થતંત્રને સહાય થાય એવી વસ્તુઓ વાપરવી નહીં, અને શોખ માટે કે ઘર વપરાશ માટે સ્વદેશીનો આગ્રહ રાખવો. બીજું થોડીવારની ખુશી માટે જીંદગી વેરવિખેર થઈ જાય એવાં વ્યસનથી મુક્ત થવું પડશે! કારણ કે આગળ જતાં રોગમાં જકડાઈએ તો જીંદગીભરની કમાણી ખર્ચાઈ જાય. બંને ત્યાં સુધી આવકના પ્રમાણમાં ખર્ચ ની જોવાઈ રાખવી, જેથી કરીને દેવું થાય નહીં, અને માનસિક તાણથી બચી શકાય. સૌથી મહત્વની વાત એ છે કે અનીતિ અને ભ્રષ્ટાચારથી દૂર રહી નીતિ, ઈમાનદારી, અને પ્રમાણિકતા પૂર્વક જીવવું! ભારતીય સંસ્કૃતિની ગરિમા બની રહે, અને આવનારી પેઢી એનું ઉદાહરણ લઈ શકે એવું જીવન જીવવું.તો સરકાર એની રીતે ભારતના વિકાસને સાધે અને ભારતનો પ્રત્યેક નાગરિક એની રીતે પોતાના દેશને ઉપર ઉઠાવવામાં કે એનું આર્થિકતંત્ર મજબૂત બનાવવા સંકલપ્તિ થાય તો જ ભારત ભવિષ્યમાં મહાસત્તા બનશે. જય હિન્દ.

# 15 એપ્રિલ સુધી સાબરમતી રેલવે સ્ટેશન પર નવા પ્રવેશ તથા નિકાસ દ્વાર ની વ્યવસ્થા




**અમદાવાદ, તા. 06**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસનું કાર્ય ઝડપી ગતિએ પ્રગતિ પર છે. સાબરમતી બીજી (ધરમનગર સાઈડ) તરફની નવી સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ લગભગ પૂર્ણ થઈ ગયું છે જ્યારે અન્ય પુનર્વિકાસ કાર્યો પ્રગતિ પર છે. યાત્રીઓની સુવિધા તથા ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવાના ઉદ્દેશ્યથી 15 એપ્રિલ, 2026 સુધી આગમન તથા પ્રસ્થાન માટે નવા પ્રવેશ અને નિકાસ દ્વાર તેમજ પિક-અપ અને ડ્રોપની વ્યવસ્થા કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે:

1. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા

પ્રવેશ દ્વાર: યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઈન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે. યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા પ્રવેશ દ્વાર: યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઈન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે. યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે.

2. આગમન કરનારા મુસાફરો માટે નિકાસ તથા પિક-અપ વ્યવસ્થા

3. નિકાસ દ્વાર : મહેસાણા સાઈડ ફૂટ ઓવર બ્રિજની નજીકથી નિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. (ડાયગ્રામમાં દર્શાવેલી પર્પલ લાઈન મુજબ) આ જ સ્થાન પર યાત્રીઓ માટે પિક-અપ ઝોન પણ બનાવવામાં આવ્યો છે.

3. પાર્કિંગ સુવિધા

યાત્રીઓની સુવિધા માટે નિકાસ દ્વાર નજીક બે સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

4. પ્લેટફોર્મ કનેક્ટિવિટી

દરેક પ્લેટફોર્મ (PF-1 થી PF-7) બંને ફૂટ ઓવર બ્રિજથી કનેક્ટેડ છે. (હાલમાં PF-2 અને PF-3 પરથી ટ્રેનોનું સંચાલન પુનર્નિર્માણ કાર્યના કારણે બંધ છે)

5. નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં યાત્રી સુવિધાઓ

ગ્રાઉન્ડ ફ્લોર: અનારક્ષિત ટિકિટ બુકિંગ (UTS)
ફર્સ્ટ ફ્લોર: આરક્ષિત ટિકિટ બુકિંગ (PRS)
સેકન્ડ ફ્લોર: પ્રતીક્ષાલય

તમામ યાત્રીઓને વિનંતી છે કે તેઓ નવી ટ્રાફિક વ્યવસ્થા, સંકેતચિહ્નો તેમજ રેલવે, આરપીએફ અને રેલકર્મચારીઓ દ્વારા આપવામાં આવતાં સૂચનોનું પાલન કરે.

# જીવનમાં કઈ મળે કે ન મળે, પણ કોઈના આશીર્વાદ અને દુઆ મળી જાયને ત્યારે જીવન બદલી નાખે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખ માં જોઈએતો એક સાધુજંગલમાં શાંતિથી,એકાંતમાં રહેતા હતા અને ભગવાનને પ્રાપ્ત કરવા માટે ધ્યાનમાં મગ્ન હતા. એક દિવસ, એક વેપારી ત્યાંથી પસાર થયો અને તેણે સાધુની ઝૂંપડીમાં એક રાત આરામ કર્યો.વેપારી સાધુના સ્વભાવ અને સેવાથી ખૂબ જ ખુશ થયો,અને જતા પહેલા તેણે સાધુને એક સુંદર ધાબળો દાનમાં આપ્યો. સાધુને તે ધાબળો ખૂબ જ આકર્ષક લાગ્યો.તે વારંવાર તેને સ્પર્શ કરતો અને પ્રશંસા કરતો રહ્યો. તેણે આટલો સુંદર અને નરમ ધાબળો પહેલાં ક્યારેય જોયો ન હતો. હવે તે તેને હંમેશા પોતાની નજર સમક્ષ રાખતો હતો પરિણામે,સાધુનો ધાબળા પ્રત્યેનો લગાવ દિવસેને દિવસે વધુ મજબૂત થતો ગયો.તેને સતત ચિંતા રહેતી હતીકે તે બગડીજશે કે ગંદો થઈ જશે, અથવા કોઈ તેને ચોરી લેશે.સમય જતાં,એવો પરિવર્તન આવ્યો કે ધાબળાએ ભગવાન પ્રત્યેની ભક્તિ,પ્રેમ અને સ્નેહનું સ્થાન લઈ લીધું. આખરે, ધાબળા પ્રત્યેના લગાવના પરિણામે,જ્યારે તેના મૃત્યુનો સમય નજીક આવ્યો,ત્યારે તેનો છેલ્લો વિચાર ધાબળાનો હતો. આ કારણે, ભગવાનને ખૂબ પ્રેમ કરતો સાધુ,પરંતુ ધાબળો પરમાત્મા પ્રત્યેના તેમના તીવ્ર લગાવને કારણે,ભગવાન તેમના જીવનમાં અને હૃદયમાં ગૌણબની ગયા હતા,અને ધાબળો હવે તેમની પ્રથમ પ્રાથમિકતા બની ગયો હતો. તેમના મૃત્યુ સમયે પણ ધાબળાનો વિચાર જ તેમના મનમાં આવતો હતો.જેમભગવાન કૃષ્ણે ગીતાના શ્લોક૮.૫માં કહ્યું હતું, 'જે કોઈ મૃત્યુ સમયે, શરીર છોડતી વખતે ફક્ત મને જ યાદ કરે છે, તે મને અને મારા સ્વભાવને પ્રાપ્ત કરે છે.' આમાં કોઈ શંકા નથી.પરંતુ સંન્યાસી ભગવાન કરતાં એક સાંસારિક વસ્તુ ધાબળા સાથે વધુ જોડાયેલો હતો.આખરે, તેમના મૃત્યુ સમયે તેમને તે જ વસ્તુનો વિચાર આવ્યો.પરિણામે, સંન્યાસી તેના આગલા જન્મમાં એક પતંગિયા (પતંગિયા ને કપડાં પહેરાવે છે)તરીકે પુનર્જન્મપામ્યો. અને આગામી સો જીવન સુધી, સંન્યાસી એ જ પતંગિયા તરીકે પુનર્જન્મ પામતો રહ્યો,જ્યાં સુધી જંતુઓ દ્વારા ધાબળો સંપૂર્ણપણે નાશ પામ્યો નહીં. યશોદા એમ કહેતાં નથી કે, મારે ગરીબોને દાન કરવું છે.જીવ ઈશ્વરનો દીકરો છે.જીવ ઈશ્વરનો અંશ છે. જે ઈશ્વરનો દીકરો છે તેને ગરીબ કહો તો ઈશ્વર ખોટું નહીં લાગે?નમ્ર થઈને,આંખ નીચે કરીને દાન આપો!આવનારના હૃદયમાં પણ પરમાત્મા વસેલા છે,એમ સમજી ને આપો. તેથી યશોદા કહે છેકે, મારે એક એકની પૂજા કરવી છે. એકએકનું સન્માન કરવું છે.કનૈયા ના પ્રાગટ્યનાદિવસે યશોદાજી ગોપીઓને ભેટઆપવા લાગેલા ત્યારે ગોપીઓએ કહેલુંકે આજે તો અમારે કનૈયાનેઆપવાનું હોય, લેવાનું નહીં,એટલે તે દિવસે કોઈ એ લીધું નથી.લેવાની ઈચ્છા હોય ત્યાં મોહ છે.આપવાની ઈચ્છા હોય ત્યાં પ્રેમ છે.એટલે યશોદા કહે છેકે,મારે સર્વની પૂજા કરવી છે. યશોદાએ આખા ગામને આમંત્રણ આપ્યું.નંદજીએ કહ્યું કે તું બિલકુલ સંકોચ કરતી નહીં. છૂટે હાથે વાપરજે!જીવનમાં એક સમય એવો આવે છેકે,જ્યારે ભાગ્ય અનુકૂળ હોય છે એવા ભાગ્યોદય વખતે ખૂબ વાપરજો પ્રેમથી ખૂબ દાન કરજો સંકોચ રાખશો નહીં.



ગરીબોનું,બ્રાહ્મણનું સન્માન થાય ત્યારે પ્રભુને આનંદ થાય છે.જેને ધન આપે છે તેની પાસે પ્રભુ આશા રાખે છેકે,બીજા ઓને પણ આમ આપે.ભાગ્ય પ્રતિકૂળ થતાં ધર્મ રાજા યુધિષ્ઠિર પણ દરિદ્ર થઈ વનમાં ફરતા હતા, તો સાધારણ મનુષ્યની વાત શું? માટે ભાગ્ય અનુકૂળ હોય ત્યારે પુણ્યકર્મમાં કચાશ ન રાખવી. યશોદાએ વિચાર કર્યો કે,આ કનૈયો સૂઈ જાય તો મારાથી બધાનું સન્માન થઈ શકે,કનૈયો જાગે તો ગોદમાં રાખી બેસવું પડે.

કનૈયો જાગતો હતો,પણ મારા સૂવાથી માને આનંદ મળતો હોય તો હું સૂઈ જાઉં. એમ વિચારી તેણે આંખો બંધ કરી દીધી. ભગવાનને નાટક કરતાં બહુ આવડે છે. એટલે તો એનું નામ નટવર પડયું છે.શંકરાચાર્યજી કહે છેકે,ઈશ્વર નિષ્ક્રિય છે,પણ માયા ને કારણે તેમાં ક્રિયાનો આરોપ થાયછે. ઈશ્વરમાં ક્રિયા થઈ શકતી નથી. દૃષ્ટાંત તરીકે,ગાડી મુંબઈના સ્ટેશને આવે એટલે કહે છેકે, મુંબઈ આવ્યું પણ મુંબઈ ગયું નથી અને આવ્યું નથી. તેમ ઈશ્વર ક્રિયા કરતા નથી, લીલા કરે છે. લીલામાં સ્વાર્થ ન હોવાથી તે લીલા આનંદરૂપ છે.ક્રિયા અને લીલાનો તફાવત રાખવાનો છે. જેની પાછળ કર્તૃત્વનું અભિમાન છે.સુખી થવાની ભાવના છે તે ક્રિયા અને જે ક્રિયા પાછળ કર્તૃત્વનું અભિમાન નથી, ફક્ત બીજાને સુખી કરવાની ભાવના છે તે લીલા. જીવની તે બધી ક્રિયા, ભગવાનની તે સઘળી લીલા. યશોદાજી વિચારે છેકે,આખુંગામ મારે ત્યાં આવવાનું છે.તે લાલાનું પારણું ઘરની બહાર ગાડા હેઠળ રાખું તો ઘરમાં જગ્યા વધારે થાય યશોદાજીએ શ્રીકૃષ્ણનું પારણું આંગણામાં ગાડાની નીચે રાખ્યું અને ગાડામાં દહીં,દૂધ વગેરે રાખ્યાં.યશોદા એક એક ગોપીનું સન્માન કરે છે. ગોપીઓ હૃદયથી આશીર્વાદ આપે છે અને પોકારે છે, બાલકૃષ્ણ લાલ કી જય હો. વ્રજવાસીઓ સન્માનમાં યશોદા તન્મય છે.આ બાજુ શ્રીકૃષ્ણ જાગ્યા.મા ક્યાં છે? મા ઉત્સવ કરે છે અને મને અહીં ગાડા નીચે રાખ્યો છે!ઉત્સવને દિવસે ભગવાનને ભૂલી જાઓ એ કેમ ચાલે? યશોદા આજે શ્રીકૃષ્ણને ભૂલ્યાં એટલે વિપત્તિ આવી.જ્યાં સુધી કાંઈક અપેક્ષા છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. વ્યવહાર કરવો તે ગુનો નથી પણ વ્યવહાર માં ભગવાનને ભૂલી જવાએ ગુનો છે.ધંધો કરવો એ પાપ નથી,પણ ધંધો કરતાં ભગવાનને ભૂલી જવા એ પાપ છે.વેપારી દુકાનમાં ભગવાનની પૂજા કરે છે, પરંતુ ગ્રાહક વસ્તુ લેવા આવે એટલે તરત તે ભગવાનને ભૂલી જાય છે અને ગ્રાહકને તે ઈશ્વરની સન્મુખ છેતરે છે. પાંચ રૂપિયાની ચીજ પચીસમાં આપે, છતાં ગ્રાહકને કહે કે, તમે મારા મિત્ર છો એટલે પડતર ભાવે માલ તમને આપું છું. લેનારો હરખાય છે,પણ પડતર ભાવનો અર્થ તે સમજતો નથી. પડતર ભાવ એટલે તું પડવાનો અને હું તરવાનો! તું પડ હું તરું. વેપારી દષ્ટિએ પડતર ભાવનો આ અર્થ છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ. કનૈયો જાગતો હતો,પણ મારા સૂવાથી માને આનંદ મળતો હોય તો હું સૂઈ જાઉં. એમ વિચારી તેણે આંખો બંધ કરી દીધી. ભગવાનને નાટક કરતાં બહુ આવડે છે. એટલે તો એનું નામ નટવર પડયું છે.શંકરાચાર્યજી કહે છેકે,ઈશ્વર નિષ્ક્રિય છે,પણ માયા ને કારણે તેમાં ક્રિયાનો આરોપ થાયછે.ઈશ્વરમાં ક્રિયા થઈ શકતી નથી.દષ્ટાંત તરીકે,ગાડી મુંબઈના સ્ટેશને આવે એટલે કહે છેકે, મુંબઈ આવ્યું પણ મુંબઈ ગયું નથી અને આવ્યું નથી. તેમ ઈશ્વર ક્રિયા કરતા નથી, લીલા કરે છે. લીલામાં સ્વાર્થ ન હોવાથી તે લીલા આનંદરૂપ છે.ક્રિયા અને લીલાનો તફાવત રાખવાનો છે. જેની પાછળ કર્તૃત્વનું અભિમાન છે.સુખી થવાની ભાવના છે તે ક્રિયા અને જે ક્રિયા પાછળ કર્તૃત્વનું અભિમાન નથી, ફક્ત બીજાને સુખી કરવાની ભાવના છે તે લીલા. જીવની તે બધી ક્રિયા, ભગવાનની તે સઘળી લીલા. યશોદાજી વિચારે છેકે,આખુંગામ મારે ત્યાં આવવાનું છે.તે લાલાનું પારણું ઘરની બહાર ગાડા હેઠળ રાખું તો ઘરમાં જગ્યા વધારે થાય યશોદાજીએ શ્રીકૃષ્ણનું પારણું આંગણામાં ગાડાની નીચે રાખ્યું અને ગાડામાં દહીં,દૂધ વગેરે રાખ્યાં.યશોદા એક એક ગોપીનું સન્માન કરે છે. ગોપીઓ હૃદયથી આશીર્વાદ આપે છે અને પોકારે છે, બાલકૃષ્ણ લાલ કી જય હો. વ્રજવાસીઓ સન્માનમાં યશોદા તન્મય છે.આ બાજુ શ્રીકૃષ્ણ જાગ્યા.મા ક્યાં છે? મા ઉત્સવ કરે છે અને મને અહીં ગાડા નીચે રાખ્યો છે!ઉત્સવને દિવસે ભગવાનને ભૂલી જાઓ એ કેમ ચાલે? યશોદા આજે શ્રીકૃષ્ણને ભૂલ્યાં એટલે વિપત્તિ આવી.જ્યાં સુધી કાંઈક અપેક્ષા છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. વ્યવહાર કરવો તે ગુનો નથી પણ વ્યવહાર માં ભગવાનને ભૂલી જવાએ ગુનો છે.ધંધો કરવો એ પાપ નથી,પણ ધંધો કરતાં ભગવાનને ભૂલી જવા એ પાપ છે.વેપારી દુકાનમાં ભગવાનની પૂજા કરે છે, પરંતુ ગ્રાહક વસ્તુ લેવા આવે એટલે તરત તે ભગવાનને ભૂલી જાય છે અને ગ્રાહકને તે ઈશ્વરની સન્મુખ છેતરે છે. પાંચ રૂપિયાની ચીજ પચીસમાં આપે, છતાં ગ્રાહકને કહે કે, તમે મારા મિત્ર છો એટલે પડતર ભાવે માલ તમને આપું છું. લેનારો હરખાય છે,પણ પડતર ભાવનો અર્થ તે સમજતો નથી. પડતર ભાવ એટલે તું પડવાનો અને હું તરવાનો! તું પડ હું તરું. વેપારી દષ્ટિએ પડતર ભાવનો આ અર્થ છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.



## રિંકુ સિંહ અલીગઢથી કોલકાતા જવા રવાના

# ટીમ ઈન્ડિયામાં જોડાશે, સંબંધીઓને માતાની સંભાળ રાખવા કહ્યું; ભાઈએ પિતાના અસ્થિઓનું વિસર્જન કર્યું

**કોલકાતા, તા.28**

રિંકુના પિતા ખાનચંદ સિંહ ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા, તેમના અંતિમસંસ્કાર અલીગઢમાં કરાયા હતા. ક્રિકેટર રિંકુ સિંહ શનિવારે અલીગઢથી કોલકાતા જવા રવાના થયો હતો. T20 વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની કરો યા મરો મેચ પહેલા તે ટીમ ઈન્ડિયામાં જોડાશે. અગાઉ, BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ ન્યૂઝ એજન્સી PTIને જણાવ્યું હતું કે રિંકુ શનિવારે ટીમમાં જોડાશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચ વર્ચ્યુઅલ નોકઆઉટ છે, જેમાં વિજેતા ટીમ ગ્રુપ 1માંથી આફ્રિકા સાથે સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે. રિંકુએ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી પાંચ ઈનિંગ્સમાં 24 રન બનાવ્યા છે. આ રિંકુનો પહેલો વર્લ્ડ કપ છે. શુક્રવારે અગાઉ રિંકુના પિતા ખાનચંદ સિંહનું નોઈડાની એક હોસ્પિટલમાં અવસાન થયું હતું. તેઓ 60 વર્ષના હતા અને તેમને સ્ટેજ 4 લીવર કેન્સર હતું. રિંકુ તેના પિતાના અંતિમ સંસ્કાર માટે ચેન્નાઈથી સીધા અલીગઢ ગયા હતા. રિંકુનો મોટો ભાઈ સોનુ શનિવારે સવારે રાજઘાટ જઈને તેના પિતાના અસ્થિ ગંગામાં વિસર્જિત કરવા ગયો હતો. સોનુના પાછા ફર્યા પછી રિંકુ બપોરે 12 વાગ્યે અલીગઢથી દિલ્હી જવા રવાના થયો હતો. ત્યાંથી, તે સાંજે 5 વાગ્યે કોલકાતા જવા માટે ફ્લાઈટ પકડશે. રિંકુના ઘરની બહાર સાંત્વના આપવા આવેલા સંબંધીઓ કહે છે કે તેઓ હવે તેની માતા વિશે ચિંતિત છે. તેમણે કહ્યું કે રિંકુ તેના પિતાના તેરમા દિવસના ધાર્મિક વિધિઓ માટે અલીગઢ પાછો ફરશે. આ રિંકુનો પહેલો વર્લ્ડ કપ છે. શુક્રવારે અગાઉ રિંકુના પિતા ખાનચંદ સિંહનું નોઈડાની એક હોસ્પિટલમાં અવસાન થયું હતું. તેઓ 60 વર્ષના હતા અને તેમને સ્ટેજ 4 લીવર કેન્સર હતું. રિંકુ તેના પિતાના અંતિમ સંસ્કાર માટે ચેન્નાઈથી સીધા અલીગઢ ગયા હતા. રિંકુનો મોટો ભાઈ સોનુ શનિવારે સવારે રાજઘાટ જઈને તેના પિતાના અસ્થિ ગંગામાં વિસર્જિત કરવા ગયો હતો. સોનુના પાછા ફર્યા પછી રિંકુ બપોરે 12 વાગ્યે અલીગઢથી દિલ્હી જવા રવાના થયો હતો. ત્યાંથી, તે સાંજે 5 વાગ્યે કોલકાતા જવા માટે ફ્લાઈટ પકડશે. રિંકુના ઘરની બહાર સાંત્વના આપવા આવેલા સંબંધીઓ કહે છે કે તેઓ હવે તેની માતા વિશે ચિંતિત છે. તેમણે કહ્યું કે રિંકુ તેના પિતાના તેરમા દિવસના ધાર્મિક વિધિઓ માટે અલીગઢ પાછો ફરશે.

પિતાના છેલ્લા શબ્દો- તારા જેવો દીકરો દરેક પિતાને મળે, તું મેચ રમ, હું હોસ્પિટલમાંથી પ્રાર્થના કરીશ

રિંકુ સિંહ 24 ફેબ્રુઆરીએ ચેન્નઈથી ફ્લાઈટ લઈને હોસ્પિટલ પહોંચી ગયો હતો. તેને ટી-20 વર્લ્ડ કપનું પ્રેક્ટિસ સેશન છોડવું પડ્યું હતું. લગભગ 6 કલાક તે પિતા પાસે હોસ્પિટલમાં રહ્યો. ત્યાર બાદ તે ચેન્નઈ પાછો જવા લાગ્યો. તેણે પિતાને જણાવ્યું કે 26 ફેબ્રુઆરીએ ઝિમ્બાબ્વે સામે મેચ છે, મારે દેશ માટે રમવું પડશે. ત્યારે પિતાએ રિંકુ સિંહના માથા પર હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે તું એક દિવસ સફળતાની ઊંચાઈએ પહોંચશે. પોતાને ક્યારેય એકલો ન સમજતો તારા જેવો દીકરો દરેક પિતાને મળે.

સચિન તેંડુલકરના પિતાનું નિધન વનડે વર્લ્ડ કપ દરમિયાન થયું હતું.

સચિન તેંડુલકર: 1999માં વન-ડે વર્લ્ડ કપ દરમિયાન સચિનના પિતાનું નિધન થયું હતું. તેઓ ભારત પાછા ફર્યા, અંતિમસંસ્કારમાં હાજરી આપી અને પછી ઈંગ્લેન્ડ પાછા જઈને કેન્યા સામે સદી ફટકારી. તેણે 140 રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. આ સદી તેમણે પિતાને સમર્પિત કરી હતી.

વિરાટ કોહલી પિતાના નિધન બાદ રણજી ટ્રોફી મેચ રમવા પહોંચ્યો હતો.

વિરાટ કોહલી: ડિસેમ્બર 2006માં રણજી ટ્રોફી મેચ દરમિયાન તેમના પિતાનું નિધન થયું હતું. વિરાટ અંતિમસંસ્કાર બાદ બીજા દિવસે બેટિંગ કરવા દિલ્હી માટે મેદાન પર ઊતર્યો અને 90 રન બનાવ્યા. આ ઘટના તેમના કરિયરની સૌથી ચર્ચિત અને પ્રેરણાદાયક ઘટનાઓમાંની એક ગણાય છે. ક્રિકેટના કીડા છો તો સોલ્વ કરો આ સુપર ક્વિઝ શું તમે તમારી જાતને ક્રિકેટના સુપર ફેન માનો છો? આખા T20 વર્લ્ડ કપ ટુર્નામેન્ટ દરમિયાન દૈનિક ભાસ્કરની ખાસ ગેમ ‘SUPER ઓવર’માં રોજ ક્રિકેટ સંબંધિત 6 સવાલ તમારું ક્રિકેટ જ્ઞાન ચકાસશે. જેટલી જલદી સાચા જવાબ આપશો એટલા વધુ રન બનશે. જેટલા વધુ રન બનશે, લીડરબોર્ડમાં તેટલા જ ઉપર આવશો. તો રોજ રમો અને ટુર્નામેન્ટના ટોપ સ્કોરર બનો. હમણાં રમો SUPER ઓવર ઈંગ્લેન્ડે સતત ત્રીજી સુપર-8 મેચ જીતી ઈંગ્લેન્ડે ટી-20 વર્લ્ડ કપની 9મી સુપર-8 મેચમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટે હરાવ્યું છે. આ જીતે પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશાઓ જીવંત રાખી છે. જ્યારે ન્યૂઝીલેન્ડને પાકિસ્તાનના પ્રદર્શન પર નિર્ભર કરી દીધું છે.

## IPLનું શેડ્યૂલ ચૂંટણીને કારણે બદલાઈ શકે : 26ને બદલે 28 માર્ચે પ્રથમ મેચ શક્ય, બંગાળ-તમિલનાડુ સહિત 5 રાજ્યોમાં ચૂંટણી




**મુંબઈ, તા.28**

વિધાનસભા ચૂંટણીઓને કારણે IPL 2026નું શેડ્યૂલ બદલાઈ શકે છે. રિપોર્ટ્સ અનુસાર, ટૂર્નામેન્ટની શરૂઆત હવે 26 માર્ચને બદલે 28 માર્ચે થઈ શકે છે. જોકે, BCCIએ હજુ સુધી નવી તારીખ પર અંતિમ નિર્ણય લીધો નથી. તમિલનાડુ, કેરળ, આસામ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરીમાં યોજાનાર ચૂંટણી કાર્યક્રમને કારણે કેટલાક શહેરોમાં સુરક્ષા અને અન્ય વ્યવસ્થાની સમસ્યા ઊભી થઈ શકે છે. આ સંભવિત ટકરાવને ધ્યાનમાં રાખીને બોર્ડ શરૂઆતી મેચોની તારીખ લંબાવવા પર વિચાર કરી રહ્યું છે.

ચેપોક, ઈડન ગાર્ડન્સમાં મેચ રમાય છે

વિધાનસભા ચૂંટણીવાળા રાજ્યોમાં ત્રણ એવા મુખ્ય સ્ટેડિયમ છે જે IPL વેન્યુ તરીકે ઉપયોગમાં લેવાતા રહ્યા છે. તમિલનાડુના ચેન્નઈ સ્થિત એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક) ચેન્નઈ સુપર કિંગ્સનું હોમ ગ્રાઉન્ડ છે. પશ્ચિમ બંગાળના કોલકાતામાં સ્થિત ઈડન ગાર્ડન્સ કોલકાતા નાઈટ રાઈડર્સનું ઘરેલું મેદાન છે, જ્યારે આસામના ગુવાહાટીમાં બનેલું બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ રાજસ્થાન રોયલ્સનું સેકન્ડ હોમ વેન્યુ રહ્યું છે.

ચૂંટણીના કારણે શેડ્યૂલ બે તબક્કામાં આવી શકે

2008માં IPL શરૂ થયા પછી, જ્યારે પણ દેશમાં સામાન્ય ચૂંટણીઓ (2009, 2014, 2019 અને 2024) અથવા કોઈ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ છે, ત્યારે ટૂર્નામેન્ટનું શેડ્યૂલ બે ભાગમાં બહાર પાડવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, એવી સંભાવના છે કે આ વખતે પણ BCCI આવું જ કરશે.

ઓપનિંગ મેચનું સ્થળ પણ ચર્ચામાં, RCBના હોમ ગ્રાઉન્ડ પર શંકા

IPL ગવર્નિંગ કાઉન્સિલ એ વાત પર પણ વિચાર કરી શકે છે કે ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ ક્યાં યોજવી, કારણ કે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) તેમાં સામેલ થશે.

## ઈંગ્લેન્ડની જીતથી પાકિસ્તાનની સેમિફાઈનલની આશા જીવંત

# ઈંગ્લિશ ટીમે ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું, વિલ જેક્સે નોટઆઉટ 32 રન બનાવ્યા

**T20 વર્લ્ડ કપની સુપર 8 મેચમાં ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું. આ જીતથી પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રહી છે.**

**મુંબઈ, તા.28**

T20 વર્લ્ડ કપની સુપર 8 મેચમાં ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું. આ જીતથી પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રહી છે.

શુક્રવારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. કિવીઝે 20 ઓવરમાં 7 વિકેટે 159 રન બનાવ્યા. જવાબમાં, ઈંગ્લેન્ડે 19.3 ઓવરમાં 6 વિકેટે ટાર્ગેટ ચેઝ કરી લીધો

ન્યૂઝીલેન્ડ માટે ગ્લેન ફિલિપ્સે સૌથી વધુ 39 રન બનાવ્યા હતા, જ્યારે ટિમ સેફર્ટે 35 રનનું યોગદાન આપ્યું હતું. આદિલ રશીદ, વિલ જેક્સ અને રેહાન અહેમદે બે-બે વિકેટ લીધી હતી. લિયામ ડોસને એક વિકેટ લીધી હતી.

બન્ને ટીમની પ્લેઈંગ-11

ઈંગ્લેન્ડ (ENG): ફિલ સોલ્ટ, જોસ બટલર (વિકેટકીપર), જેકબ બેથેલ, ટોમ બેન્ટન, હેરી બ્રુક (કેપ્ટન), સેમ કરન, વિલ જેક્સ, લિયમ ડોસન, રેહાન અહેમદ, જોફ્રા આર્ચર અને આદિલ રશીદ.


ન્યૂઝીલેન્ડ (NZ): ફિન એલન, ટિમ સેફર્ટ (વિકેટકીપર), રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ, માર્ક ચેપમેન, ડેરીલ મિચેલ, મિચેલ સેન્ટનર (કેપ્ટન), કોલ મેકકોન્ચી, મેટ હેનરી, ઈશ સોઢી અને લોકી ફર્ગ્યુસન.

ઈંગ્લેન્ડે મેચ 4 વિકેટથી જીતી લીધી

વિલ જેક્સે 20મી ઓવરના ત્રીજા બોલ પર મેટ હેનરીની બોલિંગ પર ચોગ્ગો ફટકારીને ઈંગ્લેન્ડની ટીમને 4 વિકેટથી જીત અપાવી. ગ્લેન ફિલિપ્સે 18મી ઓવરમાં 22 રન આપ્યા. વિલ જેક્સે સતત ત્રણ બોલમાં એક છગ્ગો અને બે ચોગ્ગા ફટકાર્યા.



# 56 વર્ષ જૂની ભારતીય ફિલ્મનો USમાં દબદબો : સત્યજિત રેની 'અરણ્યેર દિન રાત્રિ'ને 4Kમાં રિ-રિલીઝ; પુરુષવાદી અહંકારને દર્શાવતી ફિલ્મ પર હોલીવુડના વિવેચકો આફરીન



**મુંબઈ, તા.28**

અમેરિકામાં 1970ની બંગાળી ફિલ્મ ‘અરણ્યેર દિન રાત્રિ’ને ડિજિટલ અવતારમાં ફરીથી રિલીઝ કરવામાં આવી છે. દિગ્ગજ ફિલ્મ નિર્માતા સત્યજિત રેની આ ફિલ્મને નવા 4K સ્વરૂપમાં મેનહટનના પ્રખ્યાત આર્ટ-હાઉસ સિનેમાઘર ફિલ્મ ફોરમમાં બે અઠવાડિયા માટે ફરીથી બતાવવામાં આવી રહી છે.

‘અરણ્યેર દિન રાત્રિ’ને અમેરિકામાં રી-રિલીઝ કરાઈ

જૂની ફિલ્મોનું સંરક્ષણ કરતી સંસ્થા ‘ધ ફિલ્મ ફાઉન્ડેશન’, ‘ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન’ અને ‘જાનસ ફિલ્મ્સ’ દ્વારા સાથે મળીને તેને નવા સ્વરૂપમાં સજાવવામાં આવી છે. તેને ગયા વર્ષે ન્યૂયોર્ક ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવી હતી અને હવે સામાન્ય દર્શકો માટે તે ખુલ્લી છે.

’અરણ્યેર દિન રાત્રિ’માં અપર્ણા સેન, શર્મિલા ટાગોર, સિમિ ગરેવાલ, સૌમિત્ર ચેટર્જી, સમિત ભાન્જા, દિબ્યેન્દુ ચેટર્જી, શુભેન્દુ ચટોપાધ્યાય સહિતના કલાકારો મુખ્ય ભૂમિકામાં હતાં.

કલકત્તાના ચાર મિત્રોની પુરુષ સત્તા અને જાતિગત અહંકારની વાર્તા

કોલકાતાના શહેરી વાતાવરણમાં રહેલા ચાર મિત્રોની મસ્તી પાછળ છુપાયેલી પુરુષ સત્તા અને જાતિગત અહંકારની વાર્તા પર આધારિત ’અરણ્યેર દિન રાત્રિ’ 1970માં જેટલી સુસંગત હતી, આજે પણ તેટલી જ સચોટ છે. ફિલ્મમાં કોલકાતા (ત્યારે કલકત્તા)ના ઉચ્ચ જાતિના ભણેલા-ગણેલા, અંગ્રેજી બોલતા અપરિણીત યુવકો- અસીમ, સંજય, હરિ અને શેખરની વાર્તા છે, જેઓ શહેરના ઘોંઘાટથી દૂર ઝારખંડમાં પલામુના જંગલોની યાત્રા પર જાય છે. અહીં તેમનો સામનો સંથાલ વિસ્તારમાં આદિવાસી સમાજ અને ગામડાઓ સાથે થાય છે. તેઓ બુકિંગ વગર સરકારી ગેસ્ટ હાઉસ પર પહોંચીને ચોકીદારને લાંચ આપીને રૂમ હડપી લે છે અને હસીને અંગ્રેજીમાં કહે છે- ‘ભ્રષ્ટાચાર માટે ભગવાનનો આભાર.’

’સત્યજીત રેને વિશ્વ સિનેમાના જાદુઈ ચિત્રકાર શા માટે કહે છે, આ ફિલ્મ તેનો જવાબ છે’

હોલીવુડ ફિલ્મ વિવેચક જે. હોબરમેન કહે છે, ‘આ ફિલ્મ માત્ર એક યાત્રાની વાર્તા નથી, પરંતુ તે બંગાળના મધ્યમ વર્ગનું એવું ચિત્રણ છે, જે પોતાની સુવિધાઓના ખોળમાં કેદ છે. તેનું નવું સંસ્કરણ આજની પેઢીને એ સમજવામાં મદદ કરશે કે, શા માટે સત્યજીત રેને વિશ્વ સિનેમાના જાદુઈ ચિત્રકાર કહેવામાં આવે છે.’ ‘અરણ્યેર દિનરાત્રિ’ને 1970માં બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ‘ગોલ્ડન બિયર’ માટે નામાંકિત કરવામાં આવી હતી. આ ફિલ્મનું શૂટિંગ ઝારખંડના જંગલોમાં થયું હતું, જેને રેએ પોતાની જાદુઈ દૃષ્ટિથી ‘મોહક જાદુઈ જંગલ’ જેવું બનાવી દીધું હતું.



# લગ્ન બાદ પતિ વિજયના બાહુપાશમાં રશ્મિકા વીંટળાઈ!

**મુંબઈ, તા.28**

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા સાત જન્મો માટે બંધનમાં બંધાઈ ગયાં છે. આ ક્યૂટ કપલે 26 ફેબ્રુઆરી 2026ના રોજ પરંપરાગત વિધિથી લગ્ન કર્યાં છે. ત્યારે લગ્નના બે દિવસ બાદ જ બંને સ્ટાર્સે તેમના ચાહકોને સરપ્રાઈઝ આપ્યું છે. VIROSHની આગામી ફિલ્મ ’રણબાલી’નું ગીત રિલીઝ કરાયું છે, જેમાં બંને વચ્ચે રોમાંસ જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં માઈથ્રી મૂવી મેકર્સે રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા સ્ટારર ફિલ્મ ’રણબાલી’નું ગીત ’ઓ મેરે સાજન’ રિલીઝ કર્યું છે. ગીતમાં વિજય રણબાલી અને રશ્મિકા જાયમ્માના પાત્રમાં ખૂબ જ સુંદર લાગી રહ્યા છે. ગીતમાં પણ નવદંપતિની વાત રજૂ કરવામાં આવી છે.

’ઓ મેરે સાજન’ ગીત હિન્દી અને તેલુગુ ભાષામાં રિલીઝ કરાયું છે.

ગીતની શરૂઆતમાં રણબાલી અને જાયમ્મા (વિજય અને રશ્મિકા)ના લગ્નની વિધિ દર્શાવવામાં આવી છે. બાદમાં રણબાલી ગાડામાં તેની પત્ની જાયમ્માને લઈને ઘરે પહોંચે છે. બંને પરંપરાગત દક્ષિણ ભારતીય પોષાકમાં જોવા મળે છે. નવી વહુનો ગૃહપ્રવેશ થાય છે.

નવદંપતીના સંકોચ અને પ્રેમને સુંદરતાથી કંડારાયું

બાદમાં જાયમ્મા બારણાની આડમાં પતિને જુએ છે, તેની સુંદરતાને જોઈ તે શરમાઈ જાય છે અને પોતાના કામમાં મશગૂલ થવાનો પ્રયત્ન કરે છે, પરંતુ રણબાલીનું આકર્ષણ ફરી ફરીને તેને જોવા માટે આકર્ષિત કરે છે. સાથે જ રણબાલી પણ ચૂપકે ચૂપકે પત્ની જાયમ્માને જોઈ લે છે.

ગીતમાં રશ્મિકા અને વિજયની કેમિસ્ટ્રી જોવા મળે છે.

એક દૃશ્યમાં રશ્મિકા વિજયની બાહોમાં વીંટળાયેલી જોવા મળે છે, તો બીજા દૃશ્યમાં હિંડોળે હીંચકતા સમયની પ્રેમાળ પળોને કેદ કરવામાં આવી છે. ગીત રિલીઝ કરવાની સાથે જ મેકર્સે રશ્મિકા અને વિજયને લગ્નની શુભેચ્છાઓ પણ પાઠવી છે.

પિરિયડ ડ્રામા 11 સપ્ટેમ્બરે રિલીઝ થશે

રાહુલ સંકૃત્યાનના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે રિલીઝ પહેલાં જ દર્શકોમાં ઉત્સુકતા જગાવી છે. ફિલ્મમાં વિજય દેવરકોંડા બ્રિટિશ રાજના સમયના એક રફ એન્ડ ટફ અંદાજમાં જોવા મળી રહ્યો છે અને રશ્મિકા સુંદર ગૃહિણીના રૂપમાં દેખાઈ રહી છે.

# 'બાળક માટે લગ્ન કરવાની જરૂર નથી':ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહે એગ્સ ફ્રીઝ કરાવ્યા

**ડેઝીએ 2014માં સલમાન સાથે 'જય હો'માં કામ કર્યું. આ પછી તે 'હેટ સ્ટોરી 3'માં જોવા મળી**

**મુંબઈ, તા.28**

સલમાન ખાનની ફિલ્મ ’જય હો’થી બોલિવૂડમાં ડેબ્યુ કરનારી ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહ હાલમાં તેના જીવનમાં લીધેલા એક મોટા નિર્ણયને લઈને ચર્ચામાં છે. ડેઝીએ જણાવ્યું કે, તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવી લીધા છે. 41 વર્ષીય એક્ટ્રેસે કહ્યું કે, પરિવાર શરૂ કરવા માટે લગ્ન જરૂરી નથી અને તે પોતાની શરતો પર માતા બનવા માંગે છે.

એગ્સ ફ્રીઝ કરવાના નિર્ણય પર 41 વર્ષીય એક્ટ્રેસની પ્રતિક્રિયા

ડેઝી શાહે તાજેતરમાં ’ફિલ્મીજ્ઞાન’ (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ને આપેલા એક ઈન્ટરવ્યુમાં પોતાની પર્સનલ લાઈફ અને નિર્ણયો વિશે વાત કરી. તેણે જણાવ્યું કે, તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવવાનો નિર્ણય એટલા માટે કર્યો, જેથી ભવિષ્યમાં તેની પાસે વિકલ્પો ખુલ્લા રહે.



ડેઝીએ પ્રેમ અને પૈસા બંનેને જરૂરી ગણાવ્યા

ઈન્ટરવ્યુ દરમિયાન, તેને પ્રેમ અને પૈસામાંથી કોઈ એકને પસંદ કરવા માટે કહેવામાં આવ્યું, તો ડેઝીએ જવાબ આપ્યો કે, તેને બંને, એટલે કે પૈસાની સાથે પ્રેમ જોઈએ. તેનું માનવું છે કે, કોઈપણ સંબંધમાં ઈમોશનલ કનેક્શન અને ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી બંને જરૂરી છે. તેણે એમ પણ કહ્યું કે, તે એવા પાર્ટનરને પસંદ કરશે, જે ફાઈનાન્શિયલી ઈન્ડિપેન્ડન્ટ અને સિક્યોર હોય. લગ્નને લઈને ડેઝીએ કહ્યું કે, આજકાલ રોજ કપલ્સના અલગ થવાના કે ‘બ્લુ ડ્રમ’ જેવા કિસ્સાઓના સમાચાર સામે આવે છે, જે ડરામણા છે. જોકે, તેણે સ્પષ્ટ કર્યું કે તેણે આ વિશે વધારે વિચાર્યું નથી કે, આ સમાચારોએ તેની વિચારસરણીને કેટલી બદલી છે. લગ્નના પ્લાન વિશે તેણે કહ્યું કે, આ નિર્ણય તેણે ઉપરવાળા પર છોડી દીધો છે. ડેઝીએ 2019માં ગુજરાતી ફિલ્મ ’ગુજરાત 11’ કરી હતી. 2023માં તેણે ટીવી શો ’ખતરોં કે ખિલાડી 13’માં ભાગ લીધો હતો.

‘બાળક માટે લગ્ન જરૂરી નથી’

મધરહુડ પર તેણે સ્પષ્ટ કહ્યું કે, ’બાળક માટે લગ્ન જરૂરી નથી. એગ્સ ફ્રીઝ કરાવ્યા પછી હું જ્યારે ઈચ્છું, ત્યારે માતા બનવાનો નિર્ણય લઈ શકું છું.’

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, ડેઝી શાહ છેલ્લે વેબ સિરીઝ ’રેડ રૂમ’માં જોવા મળી હતી. તે હવે શ્રેયસ તલપડે સાથે પલાશ મુછાલ દ્વારા ડિરેક્ટેડ ફિલ્મમાં જોવા મળશે.

# આ અઠવાડિયે સોના-ચાંદીમાં વધારો રહ્યો : સોનું ₹4,000 વધીને ₹1.59 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, ચાંદી ₹17,000 મોંઘી થઈ

નવી દિલ્હી, તા.28

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો. સોનું 4 હજાર રૂપિયા વધીને 1.59 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 20 ફેબ્રુઆરી, શુક્રવારે 1.55 લાખ રૂપિયા પર હતું. જ્યારે ચાંદી 2.50 લાખ પ્રતિ કિલોથી વધીને 2.67 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમત 17 હજાર રૂપિયા વધી છે.



સોનું આ વર્ષે 26,000 અને ચાંદી 36,000 મોંઘી આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 25,902 રૂપિયા અને ચાંદી 36,280 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.

સોના-ચાંદીના ભાવ વધવાના 3 મુખ્ય કારણો

દુનિયામાં તણાવ: મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈરાન ઝઘડો અને રશિયા-યુક્રેન વાર્તા નિષ્ફળ થવાથી અસુરક્ષાનું વાતાવરણ છે. લોકો ગોલ્ડમાં પૈસા લગાવી રહ્યા છે. ફેડ રેટ કટની અપેક્ષા: અમેરિકી ફેડે આ વર્ષે વ્યાજ દરો ઘટાડવાના સંકેત આપ્યા છે. દરો ઓછા થવા પર ગોલ્ડ જેવી વસ્તુઓની ડિમાન્ડ વધી જાય છે. સસ્તામાં ખરીદી: છેલ્લા દિવસોમાં બંને મેટલ્સમાં મોટી ગિરાવટ પછી ભાવ આકર્ષક બન્યા. રોકાણકારો અને જ્વેલર્સે સસ્તામાં ખરીદવાનું શરૂ કરી દીધું. સોનું 1.80 લાખ સુધી પહોંચી શકે છે ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની UBS અનુસાર સોનાની માગમાં તેજી યથાવત છે. 2025માં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ 863 ટન સોનું ખરીદ્યું હતું. હવે અનુમાન છે કે 2026માં આ ખરીદી વધીને 950 ટન સુધી પહોંચી શકે છે. આ સાથે જ, ગોલ્ડ ETF (ETF) માં રોકાણ પણ વધીને 825 ટન થવાની અપેક્ષા છે. UBS ને પૂરો વિશ્વાસ છે કે 2026માં સોનાની કિંમતો વધુ ઉપર જશે. રિપોર્ટ અનુસાર, વર્ષના મધ્ય સુધીમાં સોનું 6,200 ડોલર પ્રતિ ઔંસના ઊંચા સ્તરને સ્પર્શી શકે છે. જો રૂપિયાના હિસાબે વાત કરીએ તો સોનાનો ભાવ 1.80 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

# ટોરેન્ટ ગ્રુપ-સમર્થિત UNM ફાઉન્ડેશન દ્વારા અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની સતત ચોથા વર્ષે વડોદરામાં પ્રસ્તુતિ

મુંબઈ, તા.28

વડોદરા શહેરના કલારસિકો ફરી એકવાર કલાત્મક સર્જનની ભવ્યતામાં ડૂબકી લગાવશે. ટોરેન્ટ ગ્રુપ-સમર્થિત UNM ફાઉન્ડેશન દ્વારા અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની સતત ચોથા વર્ષે વડોદરામાં પ્રસ્તુતિ કરવામાં આવશે. આ વર્ષે વડોદરા શહેર ખાતેના અભિવ્યક્તિના સંસ્કરણમાં અમદાવાદ અને વડોદરાના કલાકારો દ્વારા નાટ્ય, નૃત્ય અને સંગીતના કેટલાક ખૂબ પ્રશંસા પામેલા સર્જનો રજૂ કરવામાં આવશે. આ આવૃત્તિમાં વડોદરામાં પ્રથમ વખત, કલા રસિકોને વિઝ્યુઅલ આર્ટ્સ પ્રદર્શનમાં ઈન્ટરેક્ટિવ અને મલ્ટીમીડિયા કલા કૃતિઓ નિહાળવાની તક મળશે. આ પ્રસ્તુતિઓ તા. 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરી 2026ના રોજ અલેમ્બિક આર્ટ ડિસ્ટ્રિક્ટ, વડોદરા ખાતે યોજાશે. વિઝ્યુઅલ આર્ટ્સ પ્રદર્શન સાંજે 6:00 વાગ્યાથી શરૂ થશે, ત્યારબાદ સાંજે 7:30 વાગ્યે અને 8:30 વાગ્યે એમ બે પ્રસ્તુતિઓ રજૂ થશે. પ્રથમ દિવસે, એટલે કે 31 જાન્યુઆરી ના રોજ, બે પ્રસ્તુતિઓ યોજાશે જેમાં વડોદરાના શિરાઝેદિન ઘીયા કલેક્ટિવ દ્વારા 'ફકીરનામા: ટેલ્સ ઓફ અ મોડર્ન ફકીર' નામની સંગીત પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે, ત્યારબાદ અમદાવાદની શ્રુત ચાંગાવવાલા દ્વારા પોતાની નૃત્ય પ્રસ્તુતિ 'ધ બ્લુ અવર' રજૂ કરવામાં આવશે. બીજા દિવસે, એટલે કે 1 ફેબ્રુઆરી ના રોજ, અમદાવાદના ગૌરાંગ રાવલ દ્વારા નાટ્ય પ્રસ્તુતિ 'એ.કે.' રજૂ થશે, ત્યાર બાદ વડોદરાના સમીરખાનની કલેક્ટિવ દ્વારા સંગીત પ્રસ્તુતિ 'ઈક ખ્વાબ સી' રજૂ કરવામાં આવશે. આ તમામ પ્રસ્તુતિઓ અમદાવાદ ખાતે નવેમ્બર- 2025માં યોજાયેલા 'અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ'ની સાતમી આવૃત્તિમાં 'સ્ટોરીઝ વેટિંગ ટુ બી ટોલ્ડ' થીમ હેઠળ રજૂ કરાયેલ પર્ફોર્મન્સમાંથી પસંદ કરવામાં આવ્યા છે. આ તમામ પ્રસ્તુતિઓનું ક્યુરેશન પ્રખ્યાત ક્યુરેટર્સ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં ગોપાલ અગ્રવાલ (નૃત્ય), તપસ રૈલિયા (સંગીત), ગુરલીન બજ (નાટ્ય) અને જયુ ઠક્કર (વિઝ્યુઅલ આર્ટ) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કલાકારોને અમૂલ્ય માર્ગદર્શન પૂરૂ પાડનાર અનુભવી માર્ગદર્શકોમાં કૃતિ મહેશ (નૃત્ય), રાજત ધોળકિયા (સંગીત), સૌમ્ય જોશી (નાટ્ય) અને અંજન દલાલ (વિઝ્યુઅલ આર્ટ) નો સમાવેશ થાય છે.



# માત્ર 30 મિનિટ મોડા સૂવાથી 172 બીમારીઓનું જોખમ! : સ્લીપ પેટર્ન ખોરવાતાં હાર્ટ એટેકનું રિસ્ક અઢી ગણું વધ્યું

મુંબઈ, તા.28

સાયન્સ જર્નલ 'હેલ્થ ડેટા સાયન્સ'માં પ્રકાશિત એક સ્ટડી અનુસાર, રોજ અલગ-અલગ સમયે સૂવું શરીર માટે એટલું જ નુકસાનકારક છે, જેટલું ઓછી ઊંઘ લેવી. લગભગ 7 વર્ષ સુધી ચાલેલી આ સ્ટડીમાં ઊંઘ અને બીમારીઓ વચ્ચે ગાઢ સંબંધ સામે આવ્યો છે. 88,461 લોકો પર કરવામાં આવેલી આ સ્ટડીમાં વેરેબલ ડિવાઈસની મદદથી દરેકની ઊંઘની પેટર્નને ટ્રેક કરવામાં આવી. વેરેબલ ડિવાઈસ સ્માર્ટ વોચ જેવું એક ઈલેક્ટ્રોનિક ગેજેટ છે, જે કુલ ઊંઘનો સમય, સૂવા-જાગવાનો સમય, હાર્ટ રેટ અને શરીરની અન્ય એક્ટિવિટીઝને ટ્રેક કરે છે. હેલ્થ સ્ટડીમાં જાણવા મળ્યું કે રોજ અલગ-અલગ સમયે સૂવાથી, મોડી રાત સુધી જાગવાથી અને ઈરરેગ્યુલર બોડી ક્લોકથી 172 બીમારીઓનું જોખમ વધી જાય છે. આથી ફિઝિકલ હેલ્થમાં આજે આપણે આ સ્લીપ સ્ટડી વિશે વાત કરીશું. સાથે જ જાણીશું કે-

સ્લીપ પેટર્ન બગડવાથી કઈ બીમારીઓનું જોખમ વધે છે?

સ્લીપ સાયકલ કેવી રીતે ઠીક કરવી?

નિષ્ણાત: ડૉ. નવનીત સૂદ, સિનિયર કન્સલ્ટન્ટ, પલ્મોનોલોજી, ધર્મશિલા નારાયણા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ, દિલ્હી

પ્રશ્ન- 'હેલ્થ ડેટા સાયન્સ' માં પ્રકાશિત નવી 'સ્લીપ સ્ટડી' શું કહે છે? તેને અત્યાર સુધીની સૌથી અધિકૃત સ્લીપ સ્ટડી શા માટે કહેવામાં આવી રહી છે?

જવાબ- આ સ્ટડી પરથી જાણવા મળ્યું કે ઊંઘની પેટર્ન અને રોગો વચ્ચે સીધો સંબંધ છે.

આ સ્ટડી અત્યાર સુધીની સૌથી અધિકૃત એટલા માટે માનવામાં આવી રહી છે કારણ કે પહેલાની મોટાભાગની સ્ટડીઝ સબ્જેક્ટિવ સ્લીપ મેઝરમેન્ટ પર આધારિત હતી, એટલે કે લોકો પોતે જણાવતા હતા કે તેઓ કેટલું સૂવે છે. અહીં ઓબ્જેક્ટિવ મેઝરમેન્ટથી ડેટા લેવામાં આવ્યો, જે વધુ સચોટ છે. એટલે કે વેરેબલ ડિવાઈસથી ડેટા ટ્રેક કરવામાં આવ્યો. સાથે જ આ સ્ટડી યુકે બાયોબેંક જેવા મોટા ડેટાબેઝ પર આધારિત છે અને નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રિશનલ એક્ઝામિનેશન સર્વે (NHANES) ડેટાથી પણ વેલિડેટ કરવામાં આવી છે.

પ્રશ્ન- અનિયમિત, ઓછી અને ખરાબ ગુણવત્તાવાળી ઊંઘથી કયા રોગોનું જોખમ કેટલા ગણું વધે છે?

જવાબ- અભ્યાસમાં જાણવા મળ્યું કે અનિયમિત ઊંઘ (દરરોજ અલગ-અલગ સમયે સૂવું), 6 કલાકથી ઓછી ઊંઘ અને ખરાબ ગુણવત્તાવાળી ઊંઘ (રાત્રે વારંવાર આંખ ખુલવી) અથવા ઓછી કાર્યક્ષમ ઊંઘથી ઘણા રોગોનું જોખમ વધે છે. કુલ 172 રોગોનું જોખમ વધે છે અને તેમાંથી 92 રોગો સીધા ઊંઘથી પ્રભાવિત થાય છે. ઓછી ઊંઘથી હાર્ટ એટેક, ડાયાબિટીસ અને સ્થૂળતાનું જોખમ 1.5 થી 2 ગણું વધી જાય છે. ખરાબ ઊંઘથી સોજો વધે છે, જે લિવર સિરોસિસનું જોખમ 2.57 ગણા સુધી વધારી શકે છે. નીચે આપેલા ગ્રાફિક પરથી સમજો કે અનિયમિત ઊંઘથી કયા રોગોનું જોખમ કેટલા ગણું વધે છે.

પ્રશ્ન- લીવર, કિડની અને હૃદય શરીરના મહત્વપૂર્ણ અંગો છે. ખરાબ ગુણવત્તાવાળી ઊંઘ તેમને નુકસાન પહોંચાડે છે. શું તેનો અર્થ એ છે કે ઊંઘ ખરાબ હોવી એ જીવલેણ સ્થિતિ છે?

જવાબ- હા, ખરાબ ગુણવત્તાવાળી ઊંઘ ખરેખર જીવલેણ હોઈ શકે છે. અભ્યાસ પરથી જાણવા મળ્યું કે ખરાબ ઊંઘથી સોજો વધે છે, જે આ અંગોના ફિલ્ટરિંગ અને કાર્યક્ષમતાને બગાડે છે.

આ સ્થિતિ જીવલેણ છે કારણ કે તેનાથી સમસ્યાઓ ધીમે ધીમે વધતી જાય છે. શરૂઆતમાં થાક લાગે છે, પરંતુ લાંબા ગાળે તે અંગોના નિષ્ફળતાનું કારણ બની શકે છે.

# ફાસ્ટેગ માટે KYV પ્રક્રિયા આવતીકાલથી પૂરી થશે:વાહન માલિકોને વારંવાર અપડેટ નહીં કરવું પડે, બેંકો પોતે ડેટા વેરિફાય કરશે

મુંબઈ, તા.28

નવી કાર, જીપ અને વાન માટે આવતીકાલ (1 ફેબ્રુઆરી) થી ફાસ્ટેગ જારી કરતી વખતે હવે KYV (નો યોર વ્હીકલ) પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ નવી કાર માટે KYV પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

આ સાથે જે કાર પર પહેલાથી જ ફાસ્ટેગ લાગેલું છે, તેમના માલિકોને પણ હવે રૂટિન KYV કરાવવાની જરૂર રહેશે નહીં. આનાથી વાહન માલિકોને માન્ય દસ્તાવેજો હોવા છતાં લાંબી વેરિફિકેશન પ્રક્રિયા માટે રાહ જોવી પડશે નહીં.



સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય ફાસ્ટેગ સક્રિય થયા પછી થતી મુશ્કેલીઓને દૂર કરવાનો છે. અગાઉ, વપરાશકર્તાઓને વારંવાર ફરિયાદ રહેતી હતી કે ટેગ સક્રિય થયા પછી પણ બેંક અથવા ઓથોરિટી દ્વારા વેરિફિકેશનના નામે વિલંબ કરવામાં આવે છે. નવી ગાઈડલાઈન પછી હવે ફાસ્ટેગને વારંવાર અપડેટ કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જશે. ઓથોરિટી અનુસાર, KYVની પ્રક્રિયાને સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવી નથી, પરંતુ તેને 'જરૂરિયાત આધારિત' બનાવવામાં આવી છે. હવે KYV ત્યારે જ માંગવામાં આવશે જ્યારે કોઈ ફાસ્ટેગના ખોટા ઉપયોગ, ખોટી રીતે જારી થવા અથવા તેના ગુમ થવા અંગેની કોઈ ફરિયાદ મળશે. સામાન્ય રીતે કામ કરી રહેલા ફાસ્ટેગ માટે હવે કોઈપણ પ્રકારના દસ્તાવેજની ફરીથી માંગ કરવામાં આવશે નહીં. NHAIએ ફાસ્ટેગ જારી કરનાર બેંકો માટે પણ નિયમોમાં ફેરફાર કર્યા છે. હવે બેંકોએ ફાસ્ટેગ એક્ટિવેટ કરતા પહેલા વાહન પોર્ટલના ડેટાબેઝ દ્વારા વાહનનું પ્રી-એક્ટિવેશન વેલિડેશન કરવું ફરજિયાત રહેશે.સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય ફાસ્ટેગ સક્રિય થયા પછી થતી મુશ્કેલીઓને દૂર કરવાનો છે. અગાઉ, વપરાશકર્તાઓને વારંવાર ફરિયાદ રહેતી હતી કે ટેગ સક્રિય થયા પછી પણ બેંક અથવા ઓથોરિટી દ્વારા વેરિફિકેશનના નામે વિલંબ કરવામાં આવે છે. નવી ગાઈડલાઈન પછી હવે ફાસ્ટેગને વારંવાર અપડેટ કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જશે. ઓથોરિટી અનુસાર, KYVની પ્રક્રિયાને સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવી નથી, પરંતુ તેને 'જરૂરિયાત આધારિત' બનાવવામાં આવી છે. હવે KYV ત્યારે જ માંગવામાં આવશે જ્યારે કોઈ ફાસ્ટેગના ખોટા ઉપયોગ, ખોટી રીતે જારી થવા અથવા તેના ગુમ થવા અંગેની કોઈ ફરિયાદ મળશે. સામાન્ય રીતે કામ કરી રહેલા ફાસ્ટેગ માટે હવે કોઈપણ પ્રકારના દસ્તાવેજની ફરીથી માંગ કરવામાં આવશે નહીં. NHAIએ ફાસ્ટેગ જારી કરનાર બેંકો માટે પણ નિયમોમાં ફેરફાર કર્યા છે. હવે બેંકોએ ફાસ્ટેગ એક્ટિવેટ કરતા પહેલા વાહન પોર્ટલના ડેટાબેઝ દ્વારા વાહનનું પ્રી-એક્ટિવેશન વેલિડેશન કરવું ફરજિયાત રહેશે. એનો અર્થ એ છે કે બેંકો પોતે જ સરકારી ડેટામાંથી વાહનની માહિતી ચકાસશે, જેથી ગ્રાહકને પછીથી ઓફિસોના ધક્કા ન ખાવા પડે. આ ડિજિટલ ઓટોમેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને ઝડપી બનાવશે. NHAIના એક અધિકારીએ જણાવ્યું કે આ સુધારો સામાન્ય રોડ યુઝર્સના સમયની બચત માટે લાવવામાં આવ્યો છે. અવારનવાર જોવા મળ્યું છે કે માન્ય વાહન દસ્તાવેજો હોવા છતાં પણ યુઝર્સને પોસ્ટ-ઈશ્યુઅન્સ KYVને કારણે ટોલ પ્લાઝા પર અથવા પેમેન્ટ દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ફેરફાર પછી ટોલ પેમેન્ટનો અનુભવ વધુ 'સીમલેસ' (અડચણ વિનાનો) થઈ જશે. એનો અર્થ એ છે કે બેંકો પોતે જ સરકારી ડેટામાંથી વાહનની માહિતી ચકાસશે, જેથી ગ્રાહકને પછીથી ઓફિસોના ધક્કા ન ખાવા પડે. આ ડિજિટલ ઓટોમેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને ઝડપી બનાવશે. NHAIના એક અધિકારીએ જણાવ્યું કે આ સુધારો સામાન્ય રોડ યુઝર્સના સમયની બચત માટે લાવવામાં આવ્યો છે. અવારનવાર જોવા મળ્યું છે કે માન્ય વાહન દસ્તાવેજો હોવા છતાં પણ યુઝર્સને પોસ્ટ-ઈશ્યુઅન્સ KYVને કારણે ટોલ પ્લાઝા પર અથવા પેમેન્ટ દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ફેરફાર પછી ટોલ પેમેન્ટનો અનુભવ વધુ 'સીમલેસ' (અડચણ વિનાનો) થઈ જશે.

# ત્રીજા ક્વાર્ટરમાં GDP વૃદ્ધિ 7.8% રહી:ટ્રમ્પના 50% ટેરિફ છતાં અર્થતંત્ર મજબૂત; રસોઈયા-ડ્રાઈવરની કમાણી પણ હવે GDPમાં સામેલ

મુંબઈ, તા.28

નાણાકીય વર્ષ 2025-26 ના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર) માં GDP વૃદ્ધિ 7.8% રહી છે. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે 27 ફેબ્રુઆરીના રોજ આ આંકડા જાહેર કર્યા. આ વખતે GDP ની ગણતરી બેઝ યર 2011-12 ને બદલે 2022-23 ના આધારે કરવામાં આવી છે. આ નવી શ્રેણી મુજબ, ક્વાર્ટરમાં વાસ્તવિક GDP 84.54 લાખ કરોડ રૂપિયા રહી, જે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 78.41 લાખ કરોડ રૂપિયા હતી. સરકારે સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 માટે GDP વૃદ્ધિનો અંદાજ પણ વધારીને 7.6% કર્યો છે, જે ગયા વર્ષે 7.1% હતો.

GDP વૃદ્ધિની મુખ્ય બાબતો

FY26 માં વાસ્તવિક GDP વૃદ્ધિ 7.6% રહેવાનો અંદાજ. નોમિનલ GDP માં 8.6% નો વધારો.

આ પ્રદર્શન બીજી ત્રિમાસિક (8.4%) અને ત્રીજી ત્રિમાસિક (7.8%) માં જોવા મળેલી વૃદ્ધિને કારણે છે.



FY24 માં 7.2% અને FY25 માં 7.1% ની વાસ્તવિક GDP વૃદ્ધિ નોંધાઈ હતી.

ટ્રમ્પના ટેરિફ અને વૈશ્વિક દબાણ વચ્ચે રાહત

આ આંકડા એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા 50% ટેરિફ પછીની પ્રથમ સંપૂર્ણ ત્રિમાસિક છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં, ભારતનો 7.8% નો વૃદ્ધિ દર દર્શાવે છે કે ઘરેલું માંગ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મજબૂતી જળવાઈ રહી છે.

નોકરો, ડ્રાઈવર અને ઈ-વાહન ડેટા પણ શામેલ કરાયો

GDPની નવી સિરીઝમાં 2022-23 ને બેઝ યર બનાવવામાં આવ્યું છે. આર્થિક અનુમાનોને વધુ સચોટ બનાવવા માટે તેમાં હવે GST નેટવર્ક, ઈ-વાહન ડેટાબેઝ અને ઘરોમાં કામ કરતા કૂક, ડ્રાઈવર અને ઘરેલું નોકરોની સેવાઓ સાથે સંબંધિત ડેટા પણ શામેલ કરવામાં આવ્યો છે.

સમયની સાથે અર્થતંત્રમાં આવતા મોટા ફેરફારોને નોંધવા માટે સમયાંતરે બેઝ યર બદલવામાં આવે છે. સામાન્ય રીતે મંત્રાલય દર પાંચ વર્ષે ડેટા સિરીઝને અપડેટ કરે છે, પરંતુ કોવિડ મહામારી અને GST લાગુ થવાને કારણે આ કામમાં વિલંબ થયો.

1950 સુધીના નવા આંકડા ડિસેમ્બર 2026 સુધીમાં આવશે

સરકાર માત્ર નવા આંકડા જારી નહીં કરે, પરંતુ જૂના આંકડાઓને પણ નવા બેઝ યર મુજબ ફરીથી ગણતરી કરશે. મંત્રાલયે સંકેત આપ્યો છે કે આ નવા ફ્રેમવર્ક હેઠળ 'બેક-સિરીઝ' ડેટા (1950-51 સુધીના આંકડા) ડિસેમ્બર 2026 સુધીમાં આવવાની અપેક્ષા છે.

નવા માપથી ચોકસાઈ વધશે; દર 5 થી 10 વર્ષે ધોરણ બદલવું જોઈએ

આખરે જીડીપી માપવાની રીત શા માટે બદલવામાં આવી? 2011-12નો માપદંડ 14 વર્ષ જૂનો થઈ ગયો હતો. ત્યારે યુપીઆઈ, ઝોમેટો, ઓટીટી, ગીગ ઈકોનોમી જેવી વસ્તુઓ હતી જ નહીં. તેથી આ જરૂરી હતું. 2022-23ને જ આધાર વર્ષ શા માટે પસંદ કરવામાં આવ્યું? આ વર્ષ 'સામાન્ય' હતું. કોરોના સમાપ્ત થઈ ગયો હતો. અર્થતંત્ર સ્થિર હતું. ડિજિટલ ઈન્ડિયા સ્થાપિત થઈ ચૂક્યું હતું. આધાર વર્ષ હંમેશા એવું પસંદ કરવામાં આવે છે જ્યારે ન તો બહુ ઉછાળો હોય કે ન તો ઘટાડો. આનાથી સામાન્ય માણસ પર શું અસર પડશે? ખિસ્સા પર સીધી અસર નહીં.

# દેશમાં ટૂંક સમયમાં બનશે નેશનલ સોશિયલ સિક્યોરિટી બોર્ડ:ગિગ વર્કર્સને કર્મચારીનો દરજ્જો મળશે; હેલ્થ ઈન્શ્યોરન્સ અને ફેમિલી વેલફેર જેવી સુવિધાઓ પણ મળશે

નવી દિલ્હી, તા.28

મહારાષ્ટ્રના શ્રમ મંત્રી આકાશ ફુંડકરે વિધાનસભામાં માહિતી આપી છે કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે 'નેશનલ સોશિયલ સિક્યુરિટી બોર્ડ'ની રચના કરવા જઈ રહી છે. આ બોર્ડ દ્વારા ડિલિવરી પાર્ટનર્સ અને ફ્રીલાન્સર્સને હેલ્થ કેર, વીમો અને ફેમિલી વેલફેર જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. અત્યાર સુધી આ વર્કર્સને માત્ર બિઝનેસ પાર્ટનર માનવામાં આવતા હતા, પરંતુ નવા કોડ હેઠળ તેમને પ્રથમ વખત ઔપચારિક 'વર્કર'નો દરજ્જો આપવામાં આવ્યો છે. મંત્રી આકાશ ફુંડકરે પ્રશ્નકાળ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય હેમંત ઓગલે અને ભાજપના અતુલ ભાતખલકરના પ્રશ્નોના જવાબ આપતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે સોશિયલ સિક્યુરિટી કોડ લાગુ કરી દીધો છે. આ કોડ નવેમ્બર 2025 થી અમલમાં આવી ગયો છે. તેમાં પ્રથમ વખત ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. અત્યાર સુધી તેમને માત્ર ડિલિવરી-આધારિત ચુકવણી પર કામ કરતા સ્વતંત્ર કોન્ટ્રાક્ટર તરીકે જોવામાં આવતા હતા.

રાજસ્થાન અને કર્ણાટકના કાયદાઓ સમાપ્ત થઈ જશે

ફુંડકરે એક મહત્વપૂર્ણ જાણકારી આપતા જણાવ્યું કે નેશનલ સોશિયલ સિક્યુરિટી બોર્ડ અસ્તિત્વમાં આવતા જ રાજ્યોના પોતાના કાયદા સમાપ્ત થઈ જશે. હાલમાં રાજસ્થાન અને કર્ણાટક જેવા રાજ્યોએ ગીગ વર્કર્સના કલ્યાણ માટે પોતાના સ્તરે કાયદા બનાવ્યા છે. કેન્દ્રના નિર્દેશાનુસાર, હવે બધા રાજ્યોને કેન્દ્રીય સોશિયલ સિક્યુરિટી કોડની જોગવાઈઓનું જ પાલન કરવું પડશે.

ગીગ વર્કર્સને કયા-કયા ફાયદા મળશે?

નેશનલ બોર્ડની રચના પછી ગીગ વર્કર્સને આ લાભ મળવાની અપેક્ષા છે

હેલ્થ ઈન્શ્યોરન્સ: બીમારી કે અકસ્માતની સ્થિતિમાં મેડિકલ કવર.

પેન્શન અને ગ્રેચ્યુઈટી: લાંબા સમય સુધી કામ કરવા પર ભવિષ્યની સુરક્ષા.

મેટરનિટી બેનિફિટ્સ: મહિલા કામદારો માટે પેઈડ લીવ અને સહાયતા.

મૃત્યુ અને વિકલાંગતા કવર: કામ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના પર પરિવારને આર્થિક મદદ.

NTC મિલોના કર્મચારીઓનું બાકી લેણું 1 વર્ષમાં મળશે

વિધાનસભામાં ચર્ચા દરમિયાન મિલ કામદારોનો મુદ્દો પણ ઉઠ્યો. કોંગ્રેસના ધારાસભ્ય જ્યોતિ ગાયકવાડના સવાલ પર મંત્રીએ કહ્યું કે મુંબઈમાં નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશન (NTC)ની બંધ પડેલી મિલોના કામદારોનું બાકી લેણું ચૂકવવા માટે સરકાર સક્રિય છે.

તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારના અધિકારીઓ સાથે બેઠકો ચાલી રહી છે અને સેટલમેન્ટના વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. બોમ્બે હાઈકોર્ટના નિર્દેશ અનુસાર, આ બાકી લેણું એક વર્ષની અંદર ચૂકવી દેવામાં આવશે. મંત્રીએ ગૃહને જણાવ્યું કે કોવિડ-19 મહામારી પછીથી મુંબઈની ચાર NTC મિલો સંપૂર્ણપણે બંધ છે. આ મિલોના કામદાર સંગઠનોએ વેતન અને અન્ય બાકી લેણાં માટે ઔદ્યોગિક અદાલત અને હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. હવે રાજ્ય સરકાર અને કેન્દ્ર મળીને તેનો ઉકેલ શોધી રહ્યા છે જેથી હજારો પરિવારોને રાહત મળી શકે.

કોણ હોય છે ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ?

ગિગ વર્કર્સ: તે લોકો જે પરંપરાગત '9 થી 5' ની નોકરીને બદલે કોઈ ખાસ પ્રોજેક્ટ કે ટાસ્ક માટે જોડાય છે. જેમ કે- ફ્રીલાન્સર્સ.

પ્લેટફોર્મ વર્કર્સ: તે લોકો જે સ્વિગી, ઝોમેટો, ઓલા, ઉબર કે એમેઝોન જેવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા સેવાઓ આપે છે.

# સૌથી મોટી બેટરીવાળો સ્માર્ટફોન 'રીયલમી P4 પાવર' લોન્ચ:ફુલ ચાર્જ પર 21 કલાક બેટરી ચાલશે, 50MP કેમેરાથી સજ્જ મોબાઈલની કિંમત ₹25,999થી શરૂ

નવી દિલ્હી, તા.28

ટેક કંપની રિયલમીએ ભારતીય બજારમાં પોતાની P-સીરીઝનો નવો સ્માર્ટફોન 'રિયલમી P4 પાવર' લોન્ચ કર્યો છે. આ ફોન ભારતમાં અત્યાર સુધીનો સૌથી મોટી બેટરીવાળો સ્માર્ટફોન છે. તેમાં 10001mAhની બેટરી આપવામાં આવી છે. ફુલ ચાર્જ પછી 21 કલાક સુધી ચાલનારા મોબાઈલમાં 50 મેગાપિક્સલ કેમેરા અને 144Hz રિફ્રેશ રેટવાળી ટચ સ્ક્રીન મળશે. રિયલમી P4 પાવરને બે વેરિઅન્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. તેની શરૂઆતની કિંમત 25,999 રૂપિયા છે. ફોનનું વેચાણ 5 ફેબ્રુઆરીથી શરૂ થશે અને લોન્ચ ઓફરમાં 2,000 રૂપિયાનું ડિસ્કાઉન્ટ પણ મળશે. મોટી બેટરી હોવા છતાં કંપનીએ તેની ડિઝાઈનને મોર્ડન રાખવાનો પ્રયાસ




કર્યો છે. ફોનને IP68 અને IP69 રેટિંગ મળ્યું છે, જે તેને ધૂળ અને પાણીની સાથે-સાથે હાઈ પ્રેશરવાળા પાણીના છાંટાઓથી પણ બચાવે છે.

ફ્રન્ટમાં 4D કર્વ+ સ્ક્રીન આપવામાં આવી છે, જેના બેઝલ્સ ખૂબ ઓછા છે. તેમાં સેન્ટર પંચ-હોલ કેમેરા અને ઈન-ડિસ્પ્લે ફિંગરપ્રિન્ટ સેન્સર મળે છે.

રીયરમાં પ્રીમિયમ ફિનિશ આપવામાં આવી છે, જેનાથી હાથમાં સારી ગ્રિપ મળે છે. નીચેની તરફ ટાઈપ-C ચાર્જિંગ પોર્ટ અને સિમ ટ્રે આપવામાં આવી છે.

મોટી બેટરીના કારણે તેનું વજન સામાન્ય ફોન કરતાં થોડું વધારે છે, પરંતુ તેનું વજન વિતરણ (વેઈટ ડિસ્ટ્રિબ્યુશન) વધુ સારું કરવામાં આવ્યું છે.

# 65 વર્ષીય એન્જિનિયર પતિએ હથોડાના ઘા ઝીંકીને પત્નીની પતાવી દીધી

## સુરતમાં ઘર કંકાસ ને માન સન્માન ના આપતાં હત્યા કરી, આરોપી અડાજણમાંથી ઝડપાયો

સુરત, તા.28

સુરતના પોશ ગણાતા અડાજણ વિસ્તારમાં એક 65 વર્ષીય નિવૃત્ત સિવિલ એન્જિનિયર પતિએ ઘર કંકાસ અને માન સન્માન ના આપતાં હોવાથી કંટાળીને પોતાની પત્નીની હથોડાના ઘા ઝીંકી હત્યા કરી હતી. ત્યાર બાદ પુત્રને ફોન કરીને કહ્યું કે મેં તારી માને મારી નાખી છે. આ ઘટનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પતિની અડાજણમાંથી ધરપકડ કરી છે.



ઊંઘી રહેલા પત્ની પર હથોડાના ઘા ઝીંક્યા

સુરત અડાજણના આનંદ મહેલ રોડ પર આવેલી સન રેસીડેન્સીમાં રહેતા 65 વર્ષીય દિનેશ પરષોત્તમભાઇ પટેલ છેલ્લા દોઢ વર્ષથી નિવૃત્ત જીવન પસાર કરી રહ્યા હતાં. શુક્રવારે(27 ફેબ્રુઆરીએ) બપોરના સમયે જ્યારે તેમની 54 વર્ષીય પત્ની તૃપ્તિબેન ઊંઘી રહ્યા હતા, ત્યારે દિનેશભાઈએ ઘર કંકાસનો ગુસ્સો કાઢવા માટે લોખંડના હથોડા વડે તેમના પર હુમલો કર્યો હતો. ઊંઘમાં રહેલા તૃપ્તિબેનના માથાના અને ચહેરાના ભાગે હથોડાના ઉપરા-છાપરી ઘા ઝીંકવામાં આવ્યા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

આરોપી પતિ અડાજણ વિસ્તારમાંથી ઝડપાયો.

પુત્રને ફોન કરી કહ્યું, 'મેં તારી માને મારી નાખી છે'

હત્યા કર્યા બાદ આરોપી પતિએ ઘરને બહારથી તાળું મારી દીધું અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ તેણે નોકરી પર ગયેલા પોતાના મોટા પુત્ર કૃણાલને ફોન કર્યો હતો. ફોન પર પિતાએ માત્ર એટલું જ કહ્યું કે, મેં મારું કામ કરી નાખ્યું છે. શરૂઆતમાં કૃણાલને પિતાની વાત સમજાઈ નહોતી. પરંતુ વારંવાર પૂછપરછ કરતા પિતાએ અત્યંત નિર્દયતાથી જણાવ્યું કે, મે તારી મા ને મારી નાખી છે.

માતાની લોહીલુહાણ લાશ જોઈ પુત્રની પગ નીચેથી જમીન સરકી

પિતાની વાત સાંભળી પુત્ર કૃણાલ તાત્કાલિક ઘરે દોડી આવ્યો હતો, પરંતુ ઘર બહારથી લોક હોવાથી તે અંદર જઈ શક્યો નહોતો. તેણે તેના નાના ભાઈ વિદીતને બોલાવ્યો અને તેની પાસે રહેલી ચાવીથી દરવાજો ખોલતા જ બંને ભાઈઓના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમની માતા તૃપ્તિબેન લોહીથી ખરડાયેલી હાલતમાં મૃત પડ્યા હતા અને નજીકમાં જ લોહીવાળો હથોડો પણ પડેલો હતો.

# પૂર્વ મહિલા પ્રિન્સિપાલે 67 વર્ષીય પતિ પાસે ભરણપોષણ માગ્યું : પત્ની ભગવાન પાસે પતિના મૃત્યુની પ્રાર્થના કરતી

અમદાવાદ, તા.28

અમદાવાદની ફેમિલી કોર્ટમાં વર્ષ 2022માં 64 વર્ષીય પત્ની દ્વારા પોતાના 67 વર્ષીય પતિ સામે મંથલી રૂપિયા 15 હજારના ભરણપોષણનો દાવો દાખલ કર્યો હતો. જેને કોર્ટે નકારી નાખ્યો છે. કેસને વિગતે જોતાં બંનેના વર્ષ 1977માં પ્રેમ લગ્ન થયા હતા. લગ્નથી તેમને ત્રણ દીકરા થયા હતા. તે ત્રણેય દીકરા હાલ વિદેશમાં સેટલ છે. પત્નીના આક્ષેપ મુજબ પતિ સાસરીયાઓની કાનભંભેરણીમાં આવીને પત્નીને છોડીને જતો રહ્યો હતો. વળી તેના ઘરેણા લઈને ગીરવે મૂકી દીધા હતા. પત્ની 9 વર્ષ પિયરમાં રહીને નોકરી કરી અને બાળકોને ભણાવ્યા હતા. પતિએ તેને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. બંને



પાછા ભેગા થયા, પરંતુ મનમેળ ન આવતા અમદાવાદ સ્થિત પોતાના દીકરાઓના ત્યાં અલગ અલગ વિસ્તારમાં રહેવા જતા રહ્યા હતા. જેમાં પત્ની અમદાવાદમાં નાના દીકરાના ઘરે અને પતિ મોટા દીકરાના ઘરે રહે છે. પત્નીનું કહેવું હતું કે, તેના પતિએ એક પતિ તરીકે કે પિતા તરીકેની કોઈ ફરજ અદા કરી નથી. તે પોતે PTC ભણેલી છે. પતિ કપડાના હોલસેલના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તે મહિને 25 હજાર કમાય છે. જેથી તેને મહિને રૂપિયા 15,000નું ભરણપોષણ પત્નીએ આપવું જોઈએ. પત્ની પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ

પતિ તરફથી એડવોકેટ રાહુલ.વી. મોદીએ દલીલ કરી હતી કે તેનો પતિ તેને ક્યારેય છોડીને ગયો નથી.

# ખાખીનું સપનું અધૂરું રહેતાં જૂનાગઢની 21 વર્ષીય યુવતીનો આપઘાત, બીજી ભરતીમાં એક-બે માર્ક્સથી સિલેક્ટ ન થઈ

### પહેલા લેખિતમાં ફેલ થતાં નિરાશ ન થઈ, તનતોડ મહેનત શરૂ કરી

જૂનાગઢ, તા.28

જૂનાગઢમાં એક આશાસ્પદ યુવતીને પોલીસ ભરતીમાં નિષ્ફળતા મળતા આત્મહત્યા કરી લીધી હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વધાવી ગામના પ્લોટ વિસ્તારમાં પ્રાથમિક સ્કૂલની બાજુમાં રહેતા મારખીભાઈ હમીરભાઈ મારડિયાની 21 વર્ષીય પુત્રી પૂનમ મારડિયાએ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

બીજી ભરતીની પરીક્ષા પણ રાજકોટમાં જ આવી હતી

આ ઘટનાની મળતી વિગતો મુજબ, 21 વર્ષીય પૂનમ લાંબા સમયથી પોલીસ દળમાં જોડાવા માટે મહેનત કરી રહી હતી. ગત વર્ષની ભરતીમાં તેનું ગ્રાઉન્ડ રાજકોટ આવ્યુ હતું અને તે તેમાં પાસ પણ થઈ ગઈ હતી. બાદમાં



લેખિત પરીક્ષામાં તે નાપાસ થતાં નિરાશ ન થઈ ફરી મહેનત શરૂ કરી હતી. તાજેતરમાં લેવાયેલી ભરતીમાં પણ તેની ફિઝિકલ પરીક્ષા રાજકોટમાં યોજાઈ હતી, જેમાં તે ફેલ થઈ હતી.

પરિજનોની ગેરહાજરીમાં પંખા સાથે લટકી ગઈ

પૂનમ એક કે બે માર્કસ માટે પાસ ન થઈ શકી હોવાનું તેના ધ્યાને આવતા તે માનસિક રીતે ભાંગી પડી હતી. યુવતીને મનમાં એ વાત સતત ખૂંચતી હતી કે, આટલી મહેનત કરવા છતાં તે લક્ષ્ય સુધી પહોંચી શકી નથી.

# વડોદરામાં અગોરા સિટી સેન્ટરના 17 માળેથી લિફ્ટમાંથી પટકાતા કર્મચારીનું કમકમાટીભર્યું મોત


### 'મને તો બસ મારા પતિ પાછા જોઈએ': 6 દિવસ પછી ઘરે ઈદ મનાવવા જવાનો હતો

વડોદરા, તા.28

અગોરા બિલ્ડિંગના 17માં માળે લિફ્ટની પુલીમાં વાયર બદલવાના કામ દરમિયાન શાફ્ટમાં પટકાતા 30 વર્ષીય યુવકનું મોત.

વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલા અગોરા સિટી સેન્ટર પરથી પડી જતા વધુ એક યુવકનું મોત થયું છે. અઠવાડિયા પહેલા પણ એક યુવક બિલ્ડિંગ પરથી પટકાઈને નીચે પડતા મોત થયું હતું. એક અઠવાડિયામાં અગોરા સિટી સેન્ટર પરથી પડી જતા બે યુવકના મોત થયા છે.

આજે(28 ફેબ્રુઆરી) અગોરા સિટી સેન્ટરમાં લિફ્ટના મેન્ટેનન્સનું કામ કરતા કર્મચારીનું કામ કરતી વખતે 17 માળેથી લિફ્ટમાં પડી જતા કમકમાટીભર્યું મોત થયું છે. પતિના મોતથી પત્ની આઘાતમાં સરી પડી છે



અને આક્રંદ સાથે કહ્યું હતું કે, મને કંઈ ના જોઈએ, મારે મારો પતિ પાછો જોઈએ. આ ઘટનાની જાણ થતાં સમા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. સમા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

લિફ્ટનો વાયર ખેંચતી વખતે શાફ્ટમાં નીચે પટકાયા

30 વર્ષીય મૃતક શાર્દુલ અલી અગોરા બિલ્ડિંગના 17માં માળે લિફ્ટની પુલીમાં વાયર બદલવાનું કામ કરી રહ્યા હતા. લિફ્ટનો વાયર ખેંચતી વખતે સંતુલન બગડતા તેઓ સીધા લિફ્ટની અંદર શાફ્ટમાં ઉપરથી નીચે પટકાયા હતા. 17માં માળેથી પડવાને કારણે તેમને ગંભીર ફ્રેક્ચર અને અન્ય આંતરિક ઈજાઓ થઈ હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

મૃતક પાંચ વર્ષથી અગોરા સિટી સેન્ટરમાં મેન્ટેનન્સ વિભાગમાં કાર્યરત હતો

30 વર્ષીય મૃતક શાર્દુલ અલી મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી હતા. તે છેલ્લા પાંચ વર્ષથી અગોરા સિટી સેન્ટરમાં મેન્ટેનન્સ વિભાગમાં કાર્યરત હતો. 8 મહિના પહેલા શાર્દુલના લગ્ન થયા હતા. થોડા સમય પહેલા જ મૃતકની પત્ની વડોદરામાં પતિ સાથે રહેવા માટે આવી હતી અને અચાનક પતિના મૃત્યુના સમાચાર મળતા તેને આક્રંદ કર્યું હતું.

પતિના મોત અંગે કોઈ માહિતી આપી નથી: પત્ની

મૃતકની પત્ની સુમૈયાએ જણાવ્યું હતું કે, મારા પતિ આજે સવારે ઉઠીને ડ્યુટી પર ગયા હતા. એ સમયે હું સૂતી હતી અને ઘરે જ હતી. ત્યારબાદ મને સાઈટ પરથી ફોન આવ્યો કે આ રીતે ઘટના બની છે.

### ગુજરાતના નરેશ માધવીયાએ વર્ણવી ગ્રાઉન્ડ રિયાલિટી

# ઈરાનના હુમલાથી બહેરીનમાં વસતા ગુજરાતીઓ ફફડ્યાં : 'કલાકમાં 6-7 ધડાકા થયા, આખું બિલ્ડિંગ ધ્રૂજી ગયું'

સુરત, તા.28

આજે 28 ફેબ્રુઆરીને શનિવારે સવારે (ભારતીય સમય મુજબ) ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર હુમલો કર્યો. જેના વળતા જવાબમાં, ઈરાને ઈઝરાયલ પર બદલો લેવા માટે કતાર, બહેરીન અને કુવૈત જેવા સાત દેશો પર આશરે 400 મિસાઈલો છોડી હતી. બહેરીનમાં હાલ તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે. બહેરીનની રાજધાની મનામા અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા શ્રેણીબદ્ધ બ્લાસ્ટને કારણે ત્યાં રહેતા ગુજરાતીઓમાં ફફડાટ ફેલાયો છે. સુરતથી માત્ર 15 દિવસ પહેલા જ રોજગારી માટે બહેરીન ગયેલા નરેશ માધવિયાએ સાથેની ખાસ વાતચીતમાં ત્યાંની ગ્રાઉન્ડ રિયાલિટી વર્ણવી હતી.

અમે જે બિલ્ડિંગમાં છીએ તે પણ ધ્રૂજી ગઈ: નરેશ માધવિયા

વિગતવાર સ્થિતિ વર્ણવતા નરેશ માધવિયાએ જણાવ્યું કે, અમે અત્યારે બહેરીનની રાજધાની મનામામાં છીએ. અહીં સવારે સ્થિતિ ખૂબ જ ડરામણી હતી. ખાસ કરીને જુફેર વિસ્તારમાં મોટા પાયે હુમલા થયા છે. અમારા સમય મુજબ સવારે 10:30થી 11:30ના ગાળામાં સતત 6થી 7 જેટલા બ્લાસ્ટના અવાજો સંભળાયા હતા. આ ધડાકા એટલા શક્તિશાળી હતા કે, અમે જે બિલ્ડિંગમાં છીએ ત્યાં પણ તેની ધ્રુજારી અનુભવાતી હતી. ત્યારબાદ બપોરે 12:00થી 12:30ના અરસામાં ફરી 3-4 વખત હુમલાનો અવાજ આવ્યો હતો. હાલ એકાદ કલાકથી શાંતિ છે, પણ ભય હજુ યથાવત્ છે.

રહેણાંક વિસ્તાર પાસેના બિલ્ડિંગને નિશાન બનાવાયું

હુમલાના લોકેશન અંગે વાત કરતા નરેશભાઈએ ઉમેર્યું કે, જોકે મોટાભાગના હુમલા શહેરના બહારના વિસ્તારોમાં થઈ રહ્યા છે.

